dailyhunt संजोग न्यूझ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 128 | AD - 2025, Maha Sud - 14 | Tuesday, Dt.11-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ડોલરની મજબૂતાઈને કારણે ક્રૂડ ઓઈલ સહિતની આયાતો મોંઘી થશે

# ડોલર સામે રૂપિયો ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચ્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૦

ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે ગગડીને ૮૮ રૂપિયા પ્રતિ ડોલરની નજીક પહોંચી ગયો છે. રૂપિયામાં ઘટાડો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ વર્ષે અત્યાર સુધીમાં ડોલર સામે રૂપિયો લગભગ ૨ રૂપિયા ઘટ્યો છે. તે જ સમયે, જો આપણે ૨૦૨૪ ના વર્ષ સાથે અત્યાર સુધી સરખામણી કરીએ તો, ૬ રૂપિયાનો ઘટાડો થયો છે. તમને જણાવી દઈએ કે વિદેશી બજારોમાં અમેરિકન ચલણની મજબૂતાઈ અને સ્થાનિક શેરબજારોમાં નકારાત્મક વલણ વચ્ચે સોમવારે શરૂઆતના કારોબારમાં રૂપિયો ૪૫ પૈસા ઘટીને ૮૭.૯૫ રૂપિયા પ્રતિ ડોલરના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૮૭.૯૪ પ્રતિ ડોલર પર ખુલ્યો અને શરૂઆતના વેપારમાં ડોલર સામે ૮૭.૯૫ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચી ગયો, જે તેના અગાઉના બંધ કરતા ૪૫ પૈસાનો ઘટાડો દર્શાવે છે. શુક્રવારે રૂપિયો અમેરિકન ડોલર સામે ૮૭.૫૦ પર બંધ થયો હતો. દરમિયાન, ડોલર ઈન્ડેક્સ, જે છ મુખ્ય ચલણોની ટોપલી સામે યુએસ ડોલરની મજબૂતાઈનું માપન કરે છે, તે ૦.૨૨ ટકા વધીને ૧૦૮.૨૮ પર પહોંચ્યો. ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫ ટકાનો નવો ટેરિફ લાદવાની જાહેરાત કર્યા પછી ડોલર ઈન્ડેક્સ વધીને ૧૦૮ થયો હતો. તેમણે કહ્યું કે આ પગલાથી વૈશ્વિક વેપાર યુદ્ધની ચિંતા વધી છે કારણ કે ચીને પણ પારસ્પરિક ટેરિફ લાદ્યા છે. તેની



અસર ભારતીય રૂપિયા પર જોવા મળી હતી. આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૬૩ ટકા વધીને યુએસડી ૭૫.૧૩ પ્રતિ બેરલ થયું છે. શેરબજારના ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો સૌથી વધુ વેચવાલ હતા અને તેમણે ૪૭૦.૩૯ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. વિદેશી વિનિમય બજારમાં કોઈપણ ચલણની કિંમત ચલણની માંગ અને પુરવઠાના આધારે નક્કી થાય છે. આ બજારમાં અન્ય કોઈપણ ઉત્પાદનની કિંમત કેવી રીતે નક્કી કરવામાં આવે છે તેના જેવું જ છે. જ્યારે કોઈ ઉત્પાદનની માંગ વધે છે જ્યારે તેનો પુરવઠો સ્થિર રહે છે, ત્યારે તેના કારણે ઉત્પાદનની કિંમતમાં વધારો થાય છે જેથી ઉપલબ્ધ પુરવઠાને મર્યાદિત કરી શકાય. બીજી બાજુ, જ્યારે કોઈ ઉત્પાદનની માંગ ઘટે છે જ્યારે તેનો પુરવઠો સ્થિર રહે છે, ત્યારે આ વેચાણકર્તાઓને પૂરતા ખરીદદારોને આકર્ષવા માટે ઉત્પાદનની કિંમત ઘટાડવાની ફરજ પાડે છે. કોમોડિટી માર્કેટ અને ફોરેક્સ માર્કેટ વચ્ચેનો એકમાત્ર તફાવત એ છે કે ફોરેક્સ માર્કેટમાં કરન્સીનું વિનિમય કોમોડિટીઝને બદલે અન્ય કરન્સી સાથે કરવામાં આવે છે. રૂપિયાના ઘટાડાની અસર ભારતીય અર્થતંત્ર, સામાન્ય લોકો અને વ્યાપાર જગત પર પડશે. રૂપિયાના નબળા પડવાથી વિદેશથી આયાત મોંઘી થશે. આના કારણે, આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. એટલે કે તમારા પર મોંઘવારીનો બોજ વધશે. ઉદાહરણ તરીકે, ઓક્ટોબરમાં એક આયાતકાર $1 માટે રૂ. ૮૩ ચૂકવતો હતો પરંતુ હવે તેણે રૂ. ૮૬.૬૧ ખર્ચ કરવા પડશે. ભારત મોટા પાયે ક્રૂડ ઓઈલની આયાત કરે છે. ડોલરની મજબૂતાઈને કારણે ક્રૂડ ઓઈલની આયાત મોંઘી થશે. આનાથી વેપાર ખાધ વધશે. રૂપિયાના નબળા પડવાના કારણે વિદેશી રોકાણકારો શેરબજારમાંથી પૈસા ઉપાડી રહ્યા છે. તેની અસર હવે દેખાય છે. રૂપિયાના ઘટાડાને કારણે વિદેશ યાત્રા કે વિદેશમાં અભ્યાસ માટેનું બજેટ વધશે. તે જ સમયે, ભારતીય નિકાસકારોને રૂપિયાના નબળા પડવાથી ફાયદો થાય છે, કારણ કે તેમના ઉત્પાદનો વિદેશી બજારમાં સસ્તા થાય છે.

### ‘પરીક્ષા પે ચર્ચા’ ની ૮મી આવૃત્તિ યોજાઇ

# તમારી જાત સાથે સ્પર્ધા કરો, ‘પરીક્ષા પે ચર્ચા’ દરમ્યાન વડાપ્રધાનની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા

નવીદિલ્હી,તા.૧૦

સોમવારે ‘પરીક્ષા પે ચર્ચા‘ ની ૮મી આવૃત્તિ યોજાઇ હતી. પ્રધાનમંત્રી મોદીએ દિલ્હીના ભારત મંડપમના હોલમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેમને બોર્ડ પરીક્ષાઓ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટેની ટિપ્સ જણાવી હતી. આ વખતે આ કાર્યક્રમ ઈન્ટરેક્ટિવ ફોર્મેટમાં યોજાયો છે, જે ૮ એપિસોડમાં વહેંચાયેલો હતો. વિવિધ ક્ષેત્રોના ૧૨ વ્યક્તિત્વોએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ સેલિબ્રિટીઓમાં બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ, અભિનેતા વિક્રાંત મેસી, અભિનેત્રી ભૂમિ પેડનેકર, ૬ વખતની બોક્સિંગ



ચેમ્પિયન મેરી કોમ, સદગુરુ, પેરા એથ્લીટ અવની લેખારા, ન્યુટ્રિશનિસ્ટ રુજુતા દિવેકર, માઈન્ડ કોચ સોનાલી સભરવાલ, વેન્ચર કેપિટાલિસ્ટ રેવંત હિમત્સિંગકા, એચટીસી ઈન્ડિયાના સીઈઓ રાધિકા ગુપ્તા અને ટેક ગુરુ ગૌરવ ચૌધરીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં યુપીએસસી, સીબીએસઇ અને જેઇઇ પાસ કરનારા ટોપર્સ વિદ્યાર્થીઓને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. વિશ્વભરમાંથી ૩.૩૦ કરોડથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ માટે નોંધણી કરાવી હતી. પ્રધાનમંત્રી મોદીએ પરીક્ષાની તૈયારી, તણાવ વ્યવસ્થાપન અને વ્યક્તિગત વિકાસ અંગે માહિતી આપી હતી. આ વર્ષે, સરકારી શાળાઓ, કેન્દ્રીય વિદ્યાલયો, સૈનિક શાળાઓ, એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓ, સીબીએસઈ અને નવોદય વિદ્યાલયો સહિત વિવિધ સંસ્થાઓના ૩૬ વિદ્યાર્થીઓએ પ્રધાનમંત્રી સાથે સીધો વાર્તાલાપ કર્યો હતો.

# મહાકુંભ : પ્રયાગરાજમાં ભારે ભીડને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ, રેલવે સ્ટેશન બંધ કરાયું

પ્રયાગરાજ,તા.૧૦

પ્રયાગરાજમાં મહાકુંભમાં સ્નાન કરવા માટે દરરોજ ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે, જેના કારણે આખું શહેર ભરાયેલું છે. ભીડની સ્થિતિ એવી છે કે લોકો ૨૦ મિનિટનું અંતર કાપવા માટે કલાકો સુધી જામમાં ફસાયેલા રહે છે. પ્રયાગરાજમાં મહાકુંભ મેળાના તમામ રૂટ પર કેટલાક કિલોમીટર સુધી ટ્રાફિક ખોરવાયો હતો. ભીડ એટલી બધી હતી કે પ્રયાગરાજ સંગમ રેલવે સ્ટેશન બંધ થઈ ગયું. મેળા પ્રશાસન દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ૧૩ જાન્યુઆરીથી ૯ ફેબ્રુઆરી સુધીમાં ૪૩.૫૭



કરોડથી વધુ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી છે.

ટ્રાફિક એડીસીપી કુલદીપ સિંહે જણાવ્યું હતું કે, “વાહનોની સંખ્યા ખૂબ વધારે છે અને મુસાફરો શક્ય તેટલી વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચવા માટે શક્ય તેટલા નજીક જવાનો પ્રયાસ કરી રહ્યા છે. આના કારણે, લાંબો ટ્રાફિક જામ થાય છે અને આ ભીડને કારણે, અમારે મૌની અમાવસ્યાની વ્યવસ્થા લાગુ કરવી પડે છે. તેમણે કહ્યું કે, મૌની અમાવસ્યા પર જેટલી ભીડ આવી હતી તેટલી જ ભીડ હવે આવી રહી છે. દૂરનો પાર્કિંગ પ્લોટ ૫૦ ટકા ભરેલો છે. નજીકનું પાર્કિંગ એક નાનું પાર્કિંગ છે જ્યારે દૂરનું પાર્કિંગ મોટું છે, છતાં વાહનોની લાઇન લાગેલી છે.

તેમણે કહ્યું કે આઈઈઆરટી અને બગડા પાર્કિંગ (મેળા વિસ્તારની નજીક) માં ૪,૦૦૦ થી ૫,૦૦૦ વાહનો પાર્ક કરવાની ક્ષમતા છે, જ્યારે નહેરુ પાર્ક અને બેલા કચર જેવા દૂરના પાર્કિંગ સ્થળોએ ૨૦,૦૦૦-૨૫,૦૦૦ વાહનો પાર્ક કરી શકાય છે. સ્નાન મહોત્સવ દરમિયાન સ્થાનિક લોકોના વાહનો દોડતા નથી, પરંતુ હાલમાં તમામ પ્રકારના વાહનો દોડી રહ્યા છે.”




# ટ્રમ્પનો વધુ એક ધડાકો : સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત

વોશિંગ્ટન,તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારથી જ નવી જાહેરાતો કરી રહ્યા છે, જેની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પે એક નવી જાહેરાત કરી છે, તેમણે કહ્યું છે કે તેઓ સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદશે. ટ્રમ્પ ટૂંક સમયમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરશે. રાષ્ટ્રપતિના સત્તાવાર વિમાન એરફોર્સ વન પર મીડિયા સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે તેઓ વિવિધ દેશો પર પારસ્પરિક ટેરિફ પણ લાદશે. જોકે તેમણે એ નહોતું કહ્યું કે તેઓ કોના પર પારસ્પરિક ટેરિફ લાદવાના છે,



પરંતુ તેમણે સંકેત આપ્યો કે જે પણ દેશ અમેરિકા પર વધુ ટેરિફ લાદશે, તે દેશ પર પણ તે જ ટેરિફ લાદશે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો હતો. ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદવાના નિર્ણયથી જે દેશોમાં સૌથી વધુ અસર થશે તેમાં કેનેડા, મેક્સિકો અને બ્રાઝિલનો સમાવેશ થાય છે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૧-૦૨-૨૦૨૫

# લાઠી નગરપાલિકા ચૂંટણીમાં ધારાસભ્ય જનક તળાવીયાનો ઝંઝાવાતી પ્રચાર

લાઠી, તા.૧૦



લાઠી નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે ઝંઝાવાતી પ્રચાર શરુ કર્યો છે. લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ શહેરના વિવિધ વિસ્તારોમાં જઈને ભાજપ માટે જનસંપર્ક કર્યો હતો. ભાજપની બોડી આવશે તો શહેરના પ્રાણપ્રશ્નોને વાચા અપાશે તેવી ખાતરી આપતા, જનતાનો જબ્બર પ્રતિસાદ મળ્યો છે. તળાવીયાએ તમામ વોર્ડમાં ઝુંબેશ ચલાવી મતદાન માટે પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું કે ગુજરાત અને કેન્દ્રમાં ભાજપની સરકાર હોવાથી, લાઠી માટે અનેક વિકાસકાર્યો શક્ય થશે. પ્રચાર દરમિયાન શહેર ભાજપ પ્રમુખ, જિલ્લાના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. લાઠીમાં જીત પછી મહત્વપૂર્ણ વિકાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવશે. ચૂંટણીના ઘમાસાણમાં જનકભાઈ તળાવીયાના આક્રમક પ્રચારે ભાજપ તરફી વંટોળ ઉભો કરી દીધો છે.

# અમરેલીના લાઠી રોડ પર ઓવરબ્રિજના કામ માટે ૬ સ્થળેથી માટીના નમૂના લેવાયા

અમરેલી, તા.૧૦



અગાઉ બ્રોડગેજ ચાલુ કરાવવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રયત્નો હાથ ધરાયા હતા. ત્યારે હાલ અમરેલીનાં લાઠી રોડ પર તંત્રએ ઓવરબ્રિજ માટે જમીન ચકાસણીની પ્રક્રિયા હાથ ધરી છે. અહીં જુદા જુદા ૬ સ્થળે ૩૦ ફૂટ ઉંડેથી માટીના નમૂના લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે હાલમાં અમરેલી ખીજડીયા બ્રોડગેજનું કામ તેજ ગતિથી શરૂ કરાયું છે. આ કામના ભાગરૂપે અમરેલીમાં એકમાત્ર લાઠી રોડનું ફાટક આવતું હોય જ્યાં ઓવરબ્રિજ બનાવવા કામગીરી શરૂ કરાઈ છે. લાઠી રોડ પર ઓવરબ્રિજનું કામ હાથ ધરતા પહેલા અહીં ફાટકને લગતા અન્ય કામ હાથ ધરાયા હતા અને તેના માટે ડાયવર્જન પણ કાઢવામાં આવ્યું હતું. ત્યારબાદ કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય ઊંચાઈ પર પાટા બીછાવી દેવામાં આવ્યા છે પાટાનું લેવલીંગ પણ ઉચું કરી દેવામાં આવ્યું છે. ત્યારે હવે લાઠી રોડ પર ઓવરબ્રિજ બનવાનો માર્ગ મોકળો થયો છે.

# બગસરાના સુડાવડ ગામે પશુનો શિકાર કરવા સિંહ મંદિર પરિસરમાં ઘૂસ્યો

બગસરા, તા.૧૦



અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓ જંગલ છોડી અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી રહ્યા છે.

ત્યારે બગસરાના સુડાવડ ગામે તા.૩ના રાત્રીના સમયે સિંહે પશુનો શિકાર કરવા રામદેવપીર મંદિર પરિસરમાં પ્રવેશ કર્યો હતો. જેના કારણે પશુઓમાં નાસભાગ મચી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. સિંહ આવી ચડવાની ઘટનાથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.

# દિલ્હીમાં ભાજપના ઐતિહાસિક વિજયની બાબરામાં ભવ્ય ઉજવણી

બાબરા, તા.૧૦



તસવીર : દિપક કનૈયા

અઢી દાયકા બાદ દિલ્હીમાં ભાજપને મળેલા ભવ્ય વિજયની ઉજવણીનો માહોલ સમગ્ર દેશમાં છવાયો છે. આ વિજયની ઉજવણીના ભાગરૂપે બાબરામાં તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણીના નેતૃત્વમાં નાગરિક બેન્ક ચોક ખાતે ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર ભાજપના મહામંત્રી અને વરિષ્ઠ આગેવાન બિપિનભાઈ રાદડિયા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, નગરપાલિકા ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ તેમજ અન્ય અગ્રણીઓએ પણ હાજરી આપી હતી. ભાજપ કાર્યકરો દ્વારા મીઠાઈનું વિતરણ કરી વિજયની ખુશી વહેંચવામાં આવી હતી.

# જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે

અમરેલી તા.૧૦

**૧૫ ફેબ્રુઆરીએ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવશે**

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે આગામી તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ શનિવારના રોજ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે. બેઠકમાં નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવશે. તેમ અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ સભ્ય સચિવ અને જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ચલાલામાં કોળી સમાજના આગેવાન કોંગ્રેસમાં જોડાયા

ચલાલા, તા.૧૦



ચલાલા નગરપાલિકાની ચૂંટણીના પ્રચાર દરમિયાન ચલાલા શહેરના વોર્ડ નં. ૫ ના કોળી સમાજના આગેવાન પરેશભાઈ બાલાભાઈ કણસાગરા તેમની મોટી સંખ્યામાં ટીમ સાથે કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. આ દરમિયાન મીઠાપુરના સરપંચ ઉપેન્દ્રભાઈ વાળા અને અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણી, ચલાલા શહેર કોંગ્રેસ પ્રમુખ વિશાલભાઈ માલવિયા, હુસૈનભાઈ, ચંદુભાઈ વાળા, ઋત્વિકભાઈ જાની, હિતેશભાઈ રબારી, રામકુભાઈ ખુમાણ, વાલજીભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલામાં શહીદ ઉદયગીરીબાપુનો પ્રથમ તિથિ મહોત્સવ ઉજવાયો

ચલાલા, તા.૧૦



ભીમનાથ મહાદેવ મંદિર પરિવારે પ્રથમવાર દોશી પરિવારના મેઘજીબાપાની વહારે શહીદી વહોરનાર ઉદયગીરીબાપુનો તિથિ મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવ્યો હતો. આ તિથિ મહોત્સવ ભીમનાથ મહાદેવ મંદિર પરિવાર અને પૂજારી મોન્ટુબાપુ ગોસાઈ પરિવાર દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં ભક્તિમય વાતાવરણ છવાયું હતું. આ પ્રસંગે સમૂહ આરતી, ભોજન પ્રસાદ અને પૂજન સહિતના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

# ધારીમાં BRC ભવન માટે જમીન ફાળવવા કલેક્ટરને રજૂઆત કરાઈ

અમરેલી, તા.૧૦



અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરપર્સન રમિલાબેન ધોરાજીયાએ ધારીની પ્રાંત કચેરી ખાતેની ખરાબાની જમીન BRC ભવન માટે ફાળવવા કલેકટરને પત્ર લખ્યો હતો. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, ધારીમાં હાલ BRC ભવન કાર્યરત છે, BAPS સંસ્થાએ અતિ આધુનિક સુવિધાસભર BRC ભવનનું બાંધકામ કરી આપવા આર્થિક સહયોગ આપવાની બાહેંધરી આપેલ છે. આથી પ્રાંત કચેરીને આધિન અતિ ખરાબાની ૫૦૦૦ ચો. મીટર જમીન BRC ભવન બનાવવા ફાળવવી જોઈએ. આ પત્રની નકલ ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જિલ્લા વિકાસ અધિકારીને મોકલી છે.

# દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી સા.કુંડલા દ્વારા તા.૨૩ના રોજ ચોથો સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાશે

અમરેલી, તા.૧૦

દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી સાવરકુંડલા દ્વારા તા.૨૩/૨/૨૦૨૫ને રવિવારના રોજ લીલીયા રોડ, દાદા ભગવાન મંદિર પાસે, અમરેલી ખાતે સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. આ સમૂહલગ્નમાં ૧૫ નવદંપતીઓ પ્રભુતામાં પગલા માંડશે. આ સમારંભમાં ઉદ્‌ઘાટક તરીકે સાંસદ ભરતભાઈ સુતરીયા, કુંવરજી બાવળીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, પૂર્વ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, એસ.આર. આણીયાળીયા, સુરેશભાઈ પાથર, બીપીનભાઈ લીંબાણી, રેખાબેન કે. સગારકા, દુલાભાઈ માવજીભાઈ શંકર-લાઠી, ગોવિંદ ભગત-લાઠી, મનજીભાઈ ધોળકીયા-લાઠી વગેરે ઉપસ્થિત રહેશે. તથા સંતો-મહંતો તેમજ દાતાઓ નવદંપતીઓને આર્શીવચન પાઠવશે. આ સમારંભમાં ડો.ભરતભાઈ કાનાબાર-પૂર્વ પ્રમુખ, રાજેશભાઈ દામોદર, સૈયદ મહેબુબબાપુ કાદરી, ડો.પ્રતિક પ્રજાપતિ, દિલીપભાઈ પરીખ, રાજેશ પરવાડિયા, ડો. જુહી ઠક્કર, શારદાબેન ડાભી વગેરે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલના આયોજક કમિટીના સભ્યો મુનાભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, શૈલેષભાઈ રાઠોડ, રમેશભાઈ, નવનિતસિંહ રાઠોડ, પંખીભાઈ ડાભી તથા મહિલા કમિટીના સભ્યો કાજલબેન ચૌહાણ, અલ્કાબેન વસાણી, કંચનબેન પરમાર, શારદાબેન ડાભી, જીજ્ઞાશાબેન સોઢા, દયાબેન સોલંકી જહેમત ઉઠાવી રહ્યા છે.

# અમરેલીની કે.પી. ધોળકીયા મહિલા કોલેજે મેળવ્યું ૧૦૦% પરિણામ

અમરેલી, તા.૧૦



અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા સંચાલિત કે.પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજે શૈક્ષણિક ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપ્યો છે. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ, અમરેલી ખાતે આવેલી આ કોલેજમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના BCA સેમેસ્ટર-૫માં ૧૦૦% પરિણામ સાથે તમામ વિદ્યાર્થિનીઓ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં કોલેજની વિદ્યાર્થિની ગોહિલ જાનવી કે.એ ૯૩.૫૦% સાથે કોલેજમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે ગોધાણી જીન્શા વી.એ ૯૩.૩૩% સાથે દ્વિતીય અને રફાળીયા પલ્લવી આર. એ ૯૩.૦૦% સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ સંકુલ પરિવાર તરફથી કોલેજના સમગ્ર સ્ટાફ, વિદ્યાર્થિનીઓ અને રેન્ક મેળવનાર તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.









# સાવરકુંડલામાં કોંગ્રેસના ચૂંટણી કાર્યાલયનો ધામધૂમથી પ્રારંભ

**પૂર્વ મંત્રી ધીરુભાઈ દૂધવાળા અને જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાતની ઉપસ્થિતિમાં કાર્યાલયનું ઉદ્‌ઘાટન**



અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લાની સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ૩ની પેટાચૂંટણી અંતર્ગત કોંગ્રેસ પક્ષના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન પૂર્વ મંત્રી ધીરુભાઈ દૂધવાળાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે જણાવ્યું હતુ કે, ભાજપના ગઢ સમાન આ વોર્ડમાં સ્વ. નગરસેવક જયસુખ નાકરાણીના અવસાનથી ખાલી પડેલી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રમેશ જયાણીની જીત નિશ્ચિત છે. તેમણે ઉમેર્યુ કે રમેશ જયાણી સમાજસેવાની ભૂમિકામાં અગ્રેસર રહ્યા છે. કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ચંદ્રેશભાઈ રવાણી, હસુભાઈ સૂચક, મહેશભાઈ જયાણી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે કોંગ્રેસે વોર્ડ નંબર ૩માં ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો.

# ફેન્સીંગની યોજનાના બજેટમાં વધારો કરવા ધારાસભ્ય મહેશ કસવાલાની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી,તા.૧૦



આગામી ૨૦ ફેબ્રુઆરીના રોજ ગુજરાત રાજ્યનું બજેટ રજૂ થવા જઈ રહ્યું છે. ત્યારે તે પહેલા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે ગુજરાતના ખેડૂતો માટે પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટેની યોજનાના બજેટમાં વધારો કરવા માંગ કરી છે. ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં નોંધપાત્ર વધારો કરી ખેડૂતોને યોજનાનો વધુમાં વધુ લાભ મળે તેવી માંગ ધારાસભ્ય દ્વારા કરાઈ છે. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ બજેટ પૂર્વે સરકારની ખેડૂતોલક્ષી યોજના માટેના બજેટમાં વધારો કરવા સરકારને રજૂઆત કરી છે. તેમણે ખેતી માટે તાર ફેન્સીંગ યોજનાનાં બજેટમાં વધારો કરવાની માંગ કરી છે. તાર ફેન્સીંગ યોજનામાં જોગવાઈ મુજબ વહેલા તે પહેલા ધોરણે અરજી કરે તેને લાભ મળે છે. ત્યારે આઈ ખેડૂત પોર્ટલમાં થતી ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં લાભાર્થીના લક્ષ્યાંક વધારવાની અંગે રજૂઆત કરી છે. સૌરાષ્ટ્રમાં નીલગાય, રોઝ અને ભૂંડ સહિતના પ્રાણીઓથી થતું પાક નુકસાન ટાળવા તાર ફેન્સીંગની યોજના અમલી છે. ત્યારે ૨૦૨૫-૨૬ના બજેટમાં તાર ફેન્સીંગની યોજના માટે બજેટમાં નોંધપાત્ર વધારો કરવાની રજૂઆત કરી છે.

# સાઈ શક્તિ યુવા ગ્રુપ સાવરકુંડલા દ્વારા હરિદ્વારમાં અસ્થિ વિસર્જન કરાશે

સાવરકુંડલા, તા.૧૦



સાઈ શક્તિ યુવા ગ્રુપ સાવરકુંડલા દ્વારા હરિદ્વારમાં અસ્થિ વિસર્જન કરવામાં આવશે. આ ગ્રુપ છેલ્લા ૧૪ વર્ષોથી સાવરકુંડલાના બંને સ્મશાનોના અસ્થિ વિસર્જન માટે સેવા આપી રહી છે. દર ૬ મહિને, આ ગ્રુપ વિનામૂલ્યે સાવરકુંડલાના મુક્તિધામના સદ્‌ગત સ્વજનોના અસ્થિ હરિદ્વાર ખાતે શ્રી ગંગાજીના પવિત્ર જળમાં વિસર્જિત કરે છે. સંસ્કૃતના એક પ્રચલિત શ્લોકમાં પણ કહેવામાં આવ્યું છે કે મનુષ્યના અસ્થિ જયારે ગંગાજીના જળમાં વિસર્જિત થાય છે, ત્યારે તે હજારો વર્ષો સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે. આ સેવા દીપકભાઈ ગોહિલ, હિતેષભાઈ ત્રિવેદી, કૃણાલભાઈ ચૌહાણ, દિનેશભાઈ ડાભી, યોગેશભાઈ ગોસાઈ, રમેશભાઈ ચોટલીયા, ગોપાલ વાકાણી દ્વારા પ્રદાન કરવામાં આવે છે. આ વિધિ અનિલભાઈ ખીરા દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

# રાજુલાના મોરંગી ગામે પ્રેમસંબંધમાં યુવકને ગાળો બોલી ફટકાર્યો

રાજુલા, તા.૧૦

રાજુલાના મોરંગી ગામે પ્રેમસંબંધમાં યુવકને ગાળો બોલી ફટકાર્યો હતો. બનાવ અંગે ભાવેશભાઈ વાલજીભાઈ સોલંકી (ઉ.વ.૩૫)એ બુસો હીંમતભાઈ દેવીપૂજક, રમેશભાઈ વેરશીભાઈ દેવીપૂજક, વેરશીભાઈ દેવીપૂજક, રણછોડભાઈ દેવીપૂજક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને બુસો હીંમતભાઈ દેવીપૂજકના ભાભી સંગીતાબેન સાથે એક વર્ષ પહેલા પ્રેમસંબંધ હતો. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ તેમને ઢીકાપાટુનો મુંઢમાર મારી અશ્લીલ ગાળો આપી હતી. તેમજ માથાના જમણા ભાગે લાકડીનો એક ઘા મારી ત્રણ ટાંકા આવે તેવી ઈજા કરી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી સાવરકુંડલા બાયપાસ પાસે તાલુકા પોલીસ દ્વારા વાહન ચેકીંગની કામગીરી હાથ ધરાઈ

અમરેલી, તા.૧૦



અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ દ્વારા વાહન ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં અમરેલી સાવરકુંડલા બાયપાસ પાસે તાલુકા પોલીસ દ્વારા વાહનોની અંદર બ્લેક ફિલ્મ પટ્ટી, નંબર પ્લેટ અને ટ્રાફિકના નિયમો બાબતે ઝૂંબેશ હાથ ધરાઈ હતી. જેમાં ઘણા વાહનોની અંદરથી બ્લેક ફિલ્મ પટ્ટી દૂર કરવામાં આવી હતી. સાથે જ પોલીસ દ્વારા બે વાહનો ડિટેઈન કરી રૂા.૮૪૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. પીએસઆઈ સાપરા, એએસઆઈ કે.આર. સોલંકી, અજયભાઈ ગોહિલ, નીતિનભાઈ ઓળકીયા, ચતુરભાઈ ચિરોલીયા, કૌશિકભાઈ ટીલાવટ સહિતના પોલીસ સ્ટાફે કામગીરી કરી હતી.


**સંકુલ PG કોલેજ - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ**

★ MA(Eng) Sem. IV – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ M.Com.(EM) Sem. IV – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Com.(GM) Sem. IV – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Sc.(Micro) Sem. IV – 96% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ M.Sc.(Chem.) Sem. IV – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Sc.(BT) Sem. IV – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ–ચક્કરગઢ રોડ અમરેલી -Ad 110

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


## અવસાન નોંધ

**કોડીનાર**

મૂળ માલશ્રમ નિવાસી હાલ કોડીનાર છારીયા ઉનેવાળ બ્રાહ્મણ ચંદુભાઈ ભાણજીભાઈ જાની (ઉ.વ.૮૧)નું તા.૧૦ના રોજ દુઃખદ અવસાન થયું છે. તે ગિજુભાઈ, સ્વ.નરેન્દ્રભાઈ (જૂનાગઢ), નવીનભાઈ તથા રમેશભાઈ (મહેસાણા)ના ભાઈ તથા હિતેશભાઈ જાની (સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ) તથા ભાવનાબેન (બરોડા)ના પિતા તે પંકજકુમાર આસ્તિક અને સરિતાબેનના સસરા અને માનસી, સલોનીના દાદા થાય છે. તેમનું ઉઠમણું તા.૧૧ને મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કોટેશ્વર મહાદેવના મંદિર ખાતે તેમજ બેસણું તા.૧૩ને ગુરૂવારના રોજ સાંજના ૪થી ૬ બ્રહ્મપુરી કોડીનાર ખાતે રાખેલ છે.

## મામલતદાર કચેરી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/ કેસ નં.૧૭/૨૦૨૫ તા. ..../૦૧/૨૦૨૫

શ્રી બાબુભાઈ રામજીભાઈ સેજુ
રહે. શોભાવડલા(લશ્કર), તા.વિસાવદર .........અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી-શોભાવડલા (લશ્કર), વિસાવદર .....સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી બાબુભાઈ રામજીભાઈ સેજુ રહે. શોભાવડલા (લશ્કર). તા. વિસાવદરએ તેમના માતુ શ્રી દલુબેન રામજીભાઈ સેજુનું મરણ તા.૨૧/૦૪/૨૦૧૯ ના રોજ વિસાવદર તાલુકાના શોભાવડલા (લશ્કર) ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- શોભાવડલા (લશ્કર), વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- શોભાવડલા (લશ્કર). વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ....મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

**તૈયાર કરનાર**
**(પી.વી.શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**હુકમથી**
**સહી**
**(એન.બી.લાંધણોજા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**


**શાંત અને રમણીય વાતાવરણ**
**સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ**
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
**હોટેલ હોલીડે**
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

**વી. કે. મોટર્સ**
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


## -//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૧૧/૨૦૨૫

**અરજદાર :-** શ્રી વિરડીયા ધીરુભાઈ ડાયાભાઈ
રહે. કેરાળા તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કેરાળા તા.જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરાળા ગામમાં અરજદારશ્રી વિરડીયા ધીરુભાઈ ડાયાભાઈએ તેઓના પુત્ર વિરડીયા મનિષકુમાર ધીરૂભાઈની જન્મ (તા.૦૩/૦૩/૧૯૮૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since: 1996
**રાજ ફેમિલી સલૂન**
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીકસ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 9313571971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 9925076561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બાબરાના વાંડળીયા ગામે રૂ. ૧.૫૫ કરોડના ખર્ચે બે નવા બ્રિજનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૦



બાબરા તાલુકાના વાંડળીયા ગામે આજે બે નવા બ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજીત ૧ કરોડ ૫૫ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા આ બ્રિજનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, નગરપાલિકા સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ મહામંત્રી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ, વાંડળીયા ગામના સરપંચ, પંચાયતના સદસ્ય, તલાટી મંત્રી અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સરપંચે જણાવ્યું હતું કે, આ બ્રિજ બનવાથી ગામના લોકોને અવરજવર કરવામાં ઘણી સરળતા રહેશે અને વિકાસના નવા દ્વાર ખુલશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, સરકાર હંમેશા ગામડાઓના વિકાસ માટે તત્પર છે અને આ બ્રિજ પણ તેનો જ એક ભાગ છે.

# સાવરકુંડલાના માર્કેટિંગ યાર્ડમાં નવા જીરૂની આવક નોંધાઈ

**હરરાજીમાં મુહૂર્તમાં મણ દીઠ રૂ. ૪૮૫૧નો ભાવ બોલાયો**

સાવરકુંડલા,તા.૧૦



સાવરકુંડલાના માર્કેટ યાર્ડમાં આજે સિઝનના નવા જીરૂની આવક થઈ હતી. ઘજડી ગામના ખેડૂત માધવજીભાઈ શામજીભાઈ કોઠીયા મારૂતિ ટ્રેડીંગના કમીશનમાં જીરૂ વેચવા માટે આવેલ. યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણીના માર્ગદર્શનથી પૂજન કરીને ખેડૂતો અને વેપારીઓનું મોં મીઠુ કરાવીને હરરાજીની શરૂઆત થઈ હતી. વેપારીઓ, યાર્ડના સેક્રેટરી જે.વી.માલાણી, સ્ટાફગણ અને ડીરેકટરોની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહૂર્તના જીરૂ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી શિવ એન્ટરપ્રાઈઝએ મણ દિઠ રૂ.૪૮૫૧ની ઉંચી બોલી બોલીને જીરૂની ખરીદ કરેલ. જેથી મુહૂર્તના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં પણ ખુશી વ્યાપી હતી.

# 'ઋણાનુબંધ' ભાગ-૩ પુસ્તક ધારાસભ્ય મહેશ કસવાલાએ મુખ્યમંત્રીને સુપરત કર્યું



સાવરકુંડલા તા. ૧૦

સાવરકુંડલા - લીલીયાના જનપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના નેતૃત્વમાં જનહિતની સરવાણી વહાવતી એક વર્ષની કામગીરીનું સરવૈયું.......જનહિતલક્ષી અનેક કાર્યોના લેખાજોખા વર્ણવતું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું હતું. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સુપરત કરવામાં આવ્યું હતું.

# એસટી મજદૂર સંઘ અમરેલી વિભાગના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

**વાર્ષિક સાધારણ સભા યોજાઈ**

અમરેલી, તા.૧૦



એસટી મજદૂર સંઘ અમરેલી વિભાગની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. ગુજરાત એસટી મજદૂર મહાસંઘના પ્રદેશ અધ્યક્ષ વનદીપસિંહ મહિડા, મહામંત્રી મુકેશભાઈ પટેલ, કાર્યકારી પ્રમુખ જગદીશભાઈ પટેલ અને સંગઠન મંત્રી કનકસિંહ ગોહિલ હાજર રહ્યા હતા. જેમાં ૨૦૨૫ ના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ અમરુંભાઈ કહોર, કાર્યકારી પ્રમુખ બળદેવસિંહ ગોહિલ, મહામંત્રી વિક્રમસિંહ ગોહિલ, એડિશનલ જીએસ રાજેન્દ્રસિંહ વાળા, સંગઠન મંત્રી ચંદ્રેશભાઈ બસિયા, કોષાધ્યક્ષ રફિકભાઈ સૈયદ, ઉપપ્રમુખ ભરતભાઈ ખુમાણ તથા દિલીપભાઈ જાદવ તથા રાજુભાઈ દવે તેમજ મહિલા મંત્રી રેખાબેન પરમારની વરણી કરવામાં આવી હતી.

# લાઠીના મતીરાળા ગામે મારા નામે હજુ સુધી પ્લોટ કેમ કર્યો નથી કહી ધમકી આપી

લાઠી, તા.૧૦

લાઠીના મતીરાળા ગામે 'મારા નામે હજુ સુધી પ્લોટ કેમ કર્યો નથી' કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ગૌતમભાઈ દેવશીભાઈ મેતલીયા (ઉ.વ.૫૭) એ ધવલભાઈ વિનુભાઈ નરોડીયા તથા એક અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમને કહ્યું કે, 'તમને પ્લોટના પૈસા આપ્યા હોવા છતાં મારા નામે હજુ સુધી પ્લોટ કેમ કર્યો નથી' તેમ કહી ઉશ્કેરાઈને ગાળો બોલી ઢીકાપાટુ તથા લાકડા વડે માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શહેર અને વીરડી ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

અમરેલી, તા.૧૦

અમરેલી શહેર તથા સાવરકુંડલાના વીરડી ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું. વીરડી ગામે રહેતી સગીરાની માતાએ ભાવનગરના શિહોરમાં રહેતા અર્જુનભાઈ શંકરભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની સગીર પુત્રીને આરોપી લગ્નની લાલચ આપી બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી. ડી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં ચક્કરગઢ ચોકડી પાસે રહેતા સગીરાના પિતાએ ભાવનગરના ઘોઘા તાલુકાના નવા રતનપર ગામના વિજય વિનોદભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરી સગીર હોવાનું જાણવા છતાં આરોપી તેમને ગંદુ કામ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં શનિવારીમાં ખરીદી કરવા આવેલી પરિણીતાના ઘરેણા ચોરાયા

**ધારદાર વસ્તુથી પર્સ કાપી ઘટનાને અંજામ આપ્યો**

ચલાલા, તા.૧૦

ચલાલામાં શનિવારીમાં ખરીદી કરવા આવેલી પરિણીતાના પર્સને કાપો મારી ઘરેણા ચોરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ઝરપરા ગામે રહેતા મોનિકાબેન કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૩૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ચલાલા ખાતે શનિવારીમાં ખરીદી કરવા આવ્યા હતા.

આ સમયે અજાણ્યા ચોર ઈસમે તેમની પાસે રહેલી થેલીને બ્લેડ જેવી ધારદાર વસ્તુથી ચીરી અંદર રહેલ પાકીટ/પર્સમાં રહેલા કાનમાં પહેરવાની સોનાની બુટી, આંગળીમાં પહેરવાનો સોનાનો કરડો, ગળામાં પહેરવાનું સોનાનું પેન્ડલ મળી કુલ કિં.રૂ.૫૩,૮૦૦ના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઘવભાઈ અરજણભાઈ સિંઘવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના વિજપડી ગામના વેપારીને ડીલરશીપ આપવાનું કહી ૪૬,૪૨૬ની ઠગાઈ કરી

**પ્રોડક્ટના ફોટા મોકલી વિશ્વાસ જીત્યો હતો**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના વિજપડી ગામના વેપારીને ડીલરશીપ આપવાની લાલચ આપી વિશ્વાસ જીત્યા બાદ ૪૬.૪૨૬ રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હતી. બનાવ અંગે આશીક અબ્બાસભાઈ દીલાવરહુસૈન રસભરીયા (ઉ.વ.૫૦)એ વોટ્સએપ પરથી વાત કરતાં અજાણ્યા વ્યક્તિ તથા તપાસમાં ખુલે તે તમામ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમને શ્રી માર્કેટિંગ રાજકોટથી બોલતો હોવાનું જણાવી બાળકોના ડાયપરની કંપની તથા અન્ય પ્રોડક્ટ્સની ડીલરશીપ આપવાનું કહી વિશ્વાસમાં લીધા હતા.

વિવિધ કંપનીની પ્રોડક્ટ્સના ફોટા મોકલીને બદદાનતથી ગૂગલ પે દ્વારા ૪૬,૪૨૬ રૂપિયાની ઠગાઈ કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશના પીઆઈ પી. એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૧૧-૦૨-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૩,
સૂર્યાસ્ત-૦૬:૦૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૦૨-૨૦૨૫ — મંગળવાર**

મેષ: આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. થોડો સમય એકાંતમાં તથા આત્મચિંતન કરવામાં પસાર કરશો.

વૃષભ: તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.

મિથુન: જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

કર્ક: પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.

સિંહ: પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજી થશે.

કન્યા: તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.

તુલા: સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. સંબંધો ગાઢ બનશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો.

વૃશ્ચિક: પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનસિક સુખ આપશે.

ધન: ગણેશજી કહે છે, વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતી સમયે થોડા સાવધાન રહો.

મકર: તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.

કુંભ: રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

મીન: આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે. શારીરિક અને માનસિક થાક રહી શકે છે.

# અમરેલી જિલ્લાના ૨૮ કેન્દ્રો પર ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા યોજાશે

અમરેલી, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૫ થી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની મુખ્ય પરીક્ષાઓ યોજાશે. જેમાં અમરેલી અને સાવરકુંડલા ઝોન મળી જિલ્લામાં ૨૮ કેન્દ્રો પર ધો.૧૦ના ૧૯૪૯૦, ધો.૧૨ના વિદ્યાર્થીઓની ૨૦ કેન્દ્રો પર પરીક્ષા યોજાશે. ધોરણ ૧૦માં અમરેલી ઝોનમાં ૧૪ કેન્દ્ર પર ૯૭૬૫ અને સાવરકુંડલા ઝોનમાં ૧૪ કેન્દ્ર પર ૯૭૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો.૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહના ૧૧૩૦૦ છાત્રોની પરીક્ષા લેવામાં આવશે. ઉપરાંત ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહમાં અમરેલી ઝોનમાં ૮ કેન્દ્રો પર ૫૩૧૫ અને સાવરકુંડલા ઝોનમાં ૭ કેન્દ્રો પર ૪૨૫૭ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. ધોરણ ૧૨ સાયન્સમાં અમરેલી ઝોનમાં ૩ કેન્દ્રો પર ૧૩૪૯ વિદ્યાર્થી અને સાવરકુંડલા ઝોનમાં ૨ કેન્દ્રો પર ૩૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં જોડાશે. આ વર્ષે રાજુલામાં પ્રથમ વખત ધોરણ ૧૨ માટે પ્રેક્ટિકલ અને લેખિત માટે સેન્ટરની ફાળવણી કરવામાં આવી છે. જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડની પરીક્ષાના આયોજનને પગલે આગામી દિવસોમાં જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને પરીક્ષા સમિતિની બેઠક મળશે.

# અમરેલીમાં ફ્રૂટના વેપારીને ફડાકા ઝીંકી ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૧૦

અમરેલી શહેરમાં ફ્રૂટના વેપારીને ફડાકા ઝીંકી ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. ઈશાકભાઈ રહીમભાઈ મીઠાણી (ઉ.વ.૨૮)એ ઈકબાલભાઈ રમીકભાઈ બીલખીયા, ઈલુ ડોન મીઠાણી, અબુભાઈ અસ્લમભાઈ મકરાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ફ્રુટના ધંધાનું કામ કરી ઘરે જતા હતા તે દરમિયાન શ્યામ બેકરી પાસે પહોંચતા ત્રણેય જણા મળીને ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં ઉશ્કેરાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. લાફા મારી શરીરે આડેધડ મુંઢમાર પણ માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટજાફરાબાદની કોર્ટમાં**

પરચુરણ કેસ નં. ૨૦૦/૨૦૨૪
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,
જાફરાબાદ
તા.૧૮/૧૧/૨૦૨૪

અરજદાર :- શ્રીરૂપાણી મનીષભાઈ તુરાબઅલી
રહે.નવધરા બજાર, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફીસરશ્રી, - જાફરાબાદ નગરપાલીકા કચેરી
તા.જાફરાબાદ , જિ. અમરેલી

સાહેદ સમન્સ

આ કામના સામાવાળાને આ સાહેદ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ મરણ અધિનિયમ ની કલમ - ૧૯૬૯ ની કલમ - ૧૩(૩) ની અરજી દાખલ કરેલ છે જે કામથી તમોને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, સને.- ૨૦૧૭ ના જન્મ રજીસ્ટરમાં શ્રી માહીરા મનીષભાઈ રૂપાણી નું નામ છે કે નહિ તે ખાત્રી કરવા અસલ રજીસ્ટર તથા જવાબ સાથેતા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧૧-૦૦ કલાકે હાજર રહેશો.

આ ઉપરથી તમને તાકીદ કરવામાં આવે છે કે જો વ્યાજબી કારણ વગર સદરહું વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો તો એક તરફી નિર્ણય કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**


# દામનગર-ઢસા રોડ પર સીતારામ આશ્રમની સામે કાર ખાળીયામાં ખાબકતાં એકનું મોત

દામનગર, તા.૧૦

દામનગર-ઢસા રોડ સીતારામ આશ્રમની સામે ફોરવ્હીલ ખાળીયામાં ખાબકી હતી. બનાવ અંગે ઢસા ગામે રહેતા અરવિંદભાઈ છગનભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ, દામનગરથી ઢસા રોડ બનાવવાનું કામ શરૂ હોય જે રોડની એક સાઈડનું કામ શરૂ અને બીજી સાઈડનું કામ થયેલ નથી જેથી રોડની બન્ને રોડ પર નીચે અને રોડની વચ્ચેના ભાગે મોટી કડ પડી ગઈ છે. જે કડની ઉપર જયેશભાઈ મકવાણાએ ફોરવ્હીલ કાર ચડાવવા જતા સ્ટિયરીંગ પરથી બેલેન્સ ગુમાવી દેવાથી સીતારામ આશ્રમ સાઈડના ખાળીયામાં કાર આડી પડી જવાથી અકસ્માતે સાહેદોને શરીરે મુંઢ ઈજા થઈ હતી.

તહોમતદારને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.આર. કસાડા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના મોટા મુંજીયાસર ગામે વાડીએથી થ્રેસરના સ્પેરપાર્ટ્સની ચોરી

બગસરા, તા.૧૦

બગસરાના મોટા મુંજીયાસર ગામે વાડીએથી થ્રેસરના સ્પેરપાર્ટ્સની ચોરી થઈ હતી. બનાવ અંગે મોહનભાઈ બધાભાઈ રાઠોડ (ઉ.વ.૫૬)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યો ચોર ઈસમ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રાત્રીના અગિયાર વાગ્યાથી તા.૦૮/૦૨/૨૫ ના સવારના આશરે આઠેક વાગ્યા દરમિયાન કોઈપણ સમયે મોટા મુંજીયાસર ગામે બગસરા-માણેકવાડા રોડની પાસે તેમના ઘરની સામે રોડ વટીને ખુલ્લી જગ્યામાં રાખેલ હોય તે જગ્યાએથી તેમના જે.સી.બી.નું નાનું બકેટ તથા સાહેદ ચંદુભાઈ વીરજીભાઈ સતાસીયાની વાડીના શેઢા પાસે ખુલ્લી જગ્યામાં ખેતીવાડીનું હાઈવેસ્ટર/થ્રેસરની લોખંડની જાળી મળી કુલ કિં.રૂ.૩૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# દેશની પહેલી હાઈડ્રોજન ટ્રેન

એક સમયે ભારતમાં કોલસાથી ચાલતી ટ્રેન હતી. આ ટ્રેનો એ સમયે ખૂબ જ લોકપ્રિય હતી. આજે પણ છે પરંતુ આજે એકપણ ટ્રેન કોલસાથી ચાલતી નથી. આવી ટ્રેનો ભારતના મહત્વના સ્ટેશનો ઉપર કરવામાં આવેલા એક્ઝિબિશનમાં મૂકી દેવામાં આવી છે જેથી ભાવિ પેઢીને ખબર પડે કે આપણા દેશમાં આવી કોલસાથી ચાલતી ટ્રેન હતી. ત્યારબાદ આપણા દેશમાં ડીઝલ ટ્રેનનો યુગ આવ્યો અને એ પણ પૂરો થયો. હવે ઈલેક્ટ્રિક ટ્રેનો ચાલી રહી છે. હવે હાઈડ્રોજન ટ્રેનનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આવી એક ટ્રેન તૈયાર થઈ ચૂકી છે જે ભારત માટે ગૌરવની વાત છે. વૈકલ્પિક ઉર્જાથી ચાલનારી ભારતની આ પ્રથમ ટ્રેન વિશ્વકક્ષાએ પણ એક વિક્રમ નોંધાવશે કારણ કે તે સૌથી વધુ શક્તિશાળી અને સૌથી લાંબી ટ્રેન હશે. હાઈડ્રોજન ટ્રેન એવા પ્રકારની ટ્રેન છે જે હાઈડ્રોજન ઈંધણનો ઉપયોગ કરીને ચાલે છે. તે પરંપરાગત ડીઝલ અથવા ઈલેક્ટ્રિક ટ્રેનોથી અલગ છે. કારણ કે તે કોઈપણ હાનિકારક ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી, માત્ર પાણીની વરાળ. આ તેમને પર્યાવરણ માટે ખૂબ જ સ્વચ્છ અને ટકાઉ પરિવહન વિકલ્પ બનાવે છે. હાઈડ્રોજન ટ્રેન કેવી રીતે કામ કરે છે ? એ જાણવું જરૂરી છે. હાઈડ્રોજન ટ્રેન હાઈડ્રોજન ફ્યુઅલ સેલનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરે છે. ફ્યુઅલ સેલમાં, હાઈડ્રોજન અને ઓક્સિજન એકબીજા સાથે પ્રતિક્રિયા કરીને વીજળી ઉત્પન્ન કરે છે. આ વીજળીનો ઉપયોગ ટ્રેનની મોટરને ચલાવવા માટે થાય છે. હાઈડ્રોજન ટ્રેન ફાયદાકારક છે. તેનાથી ઊર્જાની બચત થાય છે. આ ઉપરાંત તે ઈકો ફ્રેન્ડલી છે મતલબ કે તે ઊર્જાને અનુકૂળ છે. હાઈડ્રોજન ટ્રેનથી કોઈપણ પ્રકારનું પ્રદૂષણ ફેલાતું નથી તે તેની એક મોટી વિશેષતા હશે. હાઈડ્રોજન ટ્રેન ચાલે ત્યારે ખૂબ મોટો અવાજ થતો નથી. ઈલેક્ટ્રીક બાઈકની જેમ તે એકદમ ઘોંઘાટ કર્યા વગર ઝડપથી ચાલે છે અને આનાથી ટ્રેનમાં મુસાફરી કરનારા લોકો અને આસપાસ રહેતા લોકોને ખૂબ જ રાહતરૂપ બનશે. હાઈડ્રોજન ટ્રેન ડીઝલ ટ્રેન કરતાં વધુ કાર્યક્ષમ હોય છે, જેનો અર્થ છે કે તે ઓછા ઈંધણમાં વધુ અંતર કાપી શકે છે. હાઈડ્રોજન ટ્રેન ભવિષ્યમાં પરિવહનનું એક મહત્વપૂર્ણ માધ્યમ બની શકે છે. તે ખાસ કરીને એવા વિસ્તારો માટે ઉપયોગી થઈ શકે છે જ્યાં વાયુ પ્રદૂષણ એક સમસ્યા છે. ભારતમાં પણ હાઈડ્રોજન ટ્રેનો શરૂ કરવાની યોજના છે. ભારતીય રેલવે ટૂંક સમયમાં હાઈડ્રોજન ટ્રેનો ચલાવવાનું શરૂ કરશે. ભારતની પ્રથમ ટ્રેન કાલકાથી માંડી સીમલા ટ્રેક પર દોડવાની છે. રેલવે વિભાગ દેશની હાઈડ્રોજન ટ્રેન વિકસિત કરવા માટે આધુનિક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. ભારતે હાઈડ્રોજન ટ્રેન ચલાવવાની દિશામાં ઝડપથી કામ શરૂ કરી દીધું છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતીય રેલવે દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન વિકસિત કરવા માટે એક અતિ આધુનિક પ્રોજેક્ટ પર કામ કરી રહેલ રેલવે પાયલોટ પ્રોજેક્ટ તરીકે પ્રથમ હાઈડ્રોજન ટ્રેન બનાવી રહ્યું છે, કે જે વિશ્વની સૌથી લાંબી અને શક્તિશાળી ટ્રેનોમાં સામેલ થશે. સંપૂર્ણપણે સ્વદેશી રૂપથી વિકસિત થઈ રહેલી આ ટ્રેન રિસર્ચ, ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશનના નિર્દેશો પર આધારિત છે. સાંસદ અજિતકુમાર ભૂઈયાના પ્રશ્નના જવાબમાં વૈષ્ણવે સદનને જણાવ્યું હતું કે ટ્રેનની સાથેસાથે હાઈડ્રોજનને ફરીથી ભરવા માટે એક અદ્યતન હાઈડ્રોજન ઉત્પાદન, પુરવઠો, સપ્લાયની સુવિધાની સાથોસાથ જમીની સ્તર પર પાયાનું માળખું તૈયાર કરવા માટે પણ કામ કરવામાં આવશે. પેટ્રોલિયમ એન્ડ એક્સ્પ્લોઝિવ સેફટી ઓર્ગેનાઈઝેશન પાસેથી સુવિધા આઉટલેટને લઈને આવશ્યક મંજૂરી મેળવી લેવામાં આવી છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ વૈકલ્પિક ઊર્જાથી ચાલનારી રેલયાત્રામાં પ્રગતિ પ્રત્યે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને વધારે મજબૂત કરશે. તેનાથી દેશના પરિવહન ક્ષેત્રનું સ્વચ્છ અને હરિત ભવિષ્ય નક્કી થશે.

# યુદ્ધમાં તારાજ થયેલ ગાઝાનું પુનઃનિર્માણ અમેરિકા કરે તેની સામે મધ્ય પૂર્વના દેશોનો વિરોધ



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

યુદ્ધમાં તારાજ થયેલ ગાઝા પટ્ટીનું પુનઃનિર્માણ અમેરિકા દ્વારા કરવામાં આવે તેવી યોજના વિચારવામાં આવી રહી છે. તેનો વ્યાપક વિરોધ મુસ્લિમ કન્ટ્રી દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ માટે ટ્રમ્પ ઈઝરાયલના વડાપ્રધાન તથા જોર્ડનના કિંગને વિશ્વાસમાં લઈને આ પ્રોજેક્ટ હાથ ધરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહે અમેરિકાના પ્રવાસે જવાના છે. તેમને ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આમંત્રણ અપાયું છે. મોદી એવા નેતામાં સામેલ થશે, જેમને ટ્રમ્પની તાજપોશી બાદ અમેરિકા બોલાવાયા છે. જે ટ્રમ્પ વહીવટીતંત્રની આ નેતાઓ સાથે સંબંધો વધારવાની રૂચિને દર્શાવે છે. આશ્ચર્ય એ નથી કે જે વિદેશી નેતા સાથે ટ્રમ્પે સૌથી પહેલા મુલાકાત કરી, એ ઈઝરાયલી વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂ હતા. ત્યારબાદ તેઓ જોર્ડનના કિંગ અબ્દુલ્લાને મળશે. ચર્ચા છે કે અબ્દુલ્લા સાથે મુલાકાતમાં ટ્રમ્પ ગાઝા પટ્ટી પર કબ્જો કરીને તેને પુનર્વિકસિત કરવાની અજીબોગરીબ યોજના પર વાતચીત કરશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ ગાઝા પર અમેરિકાના કબ્જાની યોજના ઓચિંતી બનાવી છે. આખો દેશ ખંઢેરમાં ફેરવાઈ ગયો હોવાથી અમેરિકા તેનું પુનઃનિર્માણ કરશે. એનો સૌથી વ્યાપક વિરોધ આરબ અમીરાત સહિતના મુસ્લિમ દેશો કરી રહ્યા છે. ઈરાન સહિતના અમેરિકા વિરોધી દેશોને દબાવવા માટે આ યોજના અમેરિકાએ વિચારેલી છે. તેઓ ગાઝાને મિડલ ઈસ્ટનું આકર્ષક સ્થળ બનાવવા ઈચ્છે છે. આરબ દેશોને તેનાથી અસ્થિરતા વધવાની ચિંતા સતાવી રહી છે. બ્રિટન, ફ્રાંસ, જર્મનીએ પણ આ પ્રસ્તાવની ટીકા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર આ વંશીય સફાયા જેવું હશે. અમેરિકામાં કેટલાક રિપબ્લિકન નેતાઓએ યોજનાને શાનદાર ગણાવી છે. જ્યારે અન્ય કેટલાકે શંકા વ્યક્ત કરી છે. આમ તો ટ્રમ્પની યોજના લાગૂ કરવી મુશ્કેલ છે. આરબ દેશો આ માટે તૈયાર નહીં થાય. મિડલ ઈસ્ટ નવા સંકટમાં મૂકાઈ જશે.

ઈઝરાયલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂ સાથે મુલાકાત બાદ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા લાંબા સમય સુધી ગાઝા પટ્ટીની માલિકી ઈચ્છે છે. ત્યાં જરૂર પડે તો અમેરિકન સૈન્ય પણ મોકલી શકે છે. રાષ્ટ્રપતિના મતે તેઓ આ મામલે ગંભીર છે. કેટલાક અમેરિકનો માટે આ સામ્રાજ્યવાદી જુસ્સો છે. આ ટ્રમ્પની ગ્રીનલેન્ડ ખરીદવાની યોજનાથી વધુ ખતરનાક છે. કેટલાક અમેરિકનો ચિંતિત છે કે ટ્રમ્પ અફઘાનિસ્તાન અને ઈરાકમાં અમેરિકાના ખૂની અભિયાનને ભૂલી ચૂક્યા છે. કેટલાક લોકો વિચારે છે કે, શું ટેરિફ લગાવવાની ધમકીની સાથે આ પણ વાતચીતમાં સારી સોદાબાજીનો દાવ છે. દરમિયાન, ટ્રમ્પની યોજના પર અટકળો વચ્ચે વ્હાઈટ હાઉસે પેટર્ન બદલી છે. પ્રેસ સેક્રેટરી અનુસાર, પેલેસ્ટિનિયનોને હટાવાશે તો તે અસ્થાયી હશે. રાષ્ટ્રપતિની યોજના ગાઝામાં સૈન્ય તહેનાત કરવાની નથી. અમેરિકા આ યોજનાને માનવીય અભિગમનું રૂપ આપી રહ્યું છે પરંતુ આ તેની એક વ્યુહરચનાનો એક ભાગ હશે. યુદ્ધમાં તારાજ થયેલ ગાઝાનું પુનઃનિર્માણ અમેરિકા કરે તેની સામે મધ્ય પૂર્વના દેશોમાં ખળભળાટ થયો છે.

ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળથી જ મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવતા પીએમ મોદી સાથે ટ્રમ્પ મુલાકાત કરશે. એટલે કે ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં મોદી હાજર ન હતા. જો કે તેમાં ઈટાલીના વડાપ્રધાન જોર્જિયા મેલોની અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ હાવિયર મોઈલી ઉપસ્થિત હતા. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને પણ આમંત્રણ અપાયું હતું, પરંતુ તેમણે પોતાના પ્રતિનિધિ તરીકે ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને મોકલ્યા હતા. એ સમારોહમાં મોદીને બદલે વિદેશ મંત્રી એસ. જયશંકરને આમંત્રણ અપાયું હતું અને તેમને ટ્રમ્પની સામે અગ્રિમ હરોળમાં બેસાડાયા હતા. આ કોઈ સંયોગ ન હતો. જયશંકરે ટ્રમ્પ વહીવટીતંત્રના ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરીને મોદીની યાત્રા માટે ગ્રાઉન્ડ તૈયાર કર્યું છે. તેમણે એ પણ સંકેત આપ્યો કે ૧૮ હજાર ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સને અમેરિકાથી ડિપોર્ટ કરવાની ટ્રમ્પની યોજના પર તેમને કોઈ વાંધો નથી. ભારતનું વલણ એચ૧બી વિઝા પર જોર આપવાનું છે. દર વર્ષે અમેરિકા આ વિઝા જારી કરે છે અને તેમાંથી ૭૦% ભારતીયો માટે હોય છે. ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે આગામી સપ્તાહે મોદી સાથે મુલાકાતમાં તેમને શું અપેક્ષા હશે.

મોદી સાથે ફોન પર વાતચીત દરમિયાન તેમણે અમેરિકામાં નિર્મિત સુરક્ષા ઉપકરણોની ખરીદી વધારવા તેમજ બંને દેશો વચ્ચે વ્યાપારિક સંબંધોને સંતુલિત કરવા પર ભાર મૂક્યો હતો. બંને નેતાઓએ પરસ્પર વ્યૂહાત્મક સહયોગ તેમજ ઈન્ડો-પેસિફિક ક્વાડ ભાગીદારીને આગળ વધારવા માટે પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ભારત આ વર્ષના અંતે ક્વાડ શિખર સંમેલનની યજમાની કરશે અને આશા છે કે ટ્રમ્પ તેમાં વ્યક્તિગત રીતે સામેલ થવા માટે સમય આપશે. ભારત પહેલાથી જ યુએસ પાસેથી સૈન્ય ઉપકરણ ખરીદી રહ્યું છે, પરંતુ ટ્રમ્પને સંતુષ્ટ કરવા માટે અનેક અમેરિકન પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડવાની જરૂરિયાત રહેશે. ૨૦૨૨માં ભારતે અમેરિકા, ઈઝરાયલ અને યુએઈની સાથે આઈ૨યૂ૨ જૂથમાં સામેલ થઈને ઉર્જા પરિવહન, અંતરિક્ષ, આરોગ્ય, જળ અને ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રમાં નવી પહેલ કરી હતી. ભારત મધ્ય-પૂર્વ-યૂરોપ આર્થિક કોરિડોરમાં પણ ભાગીદાર છે. તેની જાહેરાત ૨૦૨૩ની જી-૨૦ સમિટમાં દક્ષિણ એશિયા, મધ્ય-પૂર્વ તેમજ યુરોપના આર્થિક એકીકરણને પ્રોત્સાહિત કરવા માટે કરાઈ હતી. આ કોરિડોરમાં બંદરો, રેલવે, શિપિંગ નેટવર્ક અને માર્ગો પર પણ કામ કરાશે. રસપ્રદ એ છે કે ઈઝરાયલનું હેફા આ કોરિડોરનું મહત્વપૂર્ણ ટર્મિનસ હશે અને તેને અદાણી જૂથ દ્વારા વિકસિત કરાઈ રહ્યું છે. રાજીવ ગાંધી એવા પહેલા વડાપ્રધાન હતા, જેમણે અમેરિકા સાથે સંબંધોને ઉત્સાહપૂર્વક અપનાવ્યા હતા. જ્યારે તેમના માતા ઈન્દિરા ગાંધી અમેરિકાને લઈને કેટલીક હદ સુધી શંકા રાખતા હતા, જો કે ૧૯૮૧માં મેક્સિકોના કાનકુનમાં રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગન સાથે મુલાકાત બાદ તેમનો દૃષ્ટિકોણ બદલાયો હતો. રાજીવે ત્રણ વાર અમેરિકાનો પ્રવાસ કર્યો હતો. ૧૯૮૫માં વડાપ્રધાન તરીકે પોતાના પહેલા જ વર્ષે બે વાર અમેરિકા ગયા હતા. અમેરિકન પ્રભાવમાં જ રાજીવે ભારતની શ્રીલંકા નીતિમાં ફેરફાર કર્યો હતો અને આધુનિક ભારતના વિઝનને આગળ વધારવા માટે ટેક્નોલોજીના ક્ષેત્રમાં યુએસનો સંપર્ક સાધ્યો હતો. પરંતુ મોદી આજે જે ભારતનું નેતૃત્વ કરી રહ્યા છે તે રાજીવ ગાંધીના સમયના ભારતની તુલનામાં વધુ શક્તિશાળી છે. આજે ભારત એક પ્રમુખ સ્વિંગ-સ્ટેટ તરીકે ઉભર્યું છે અને અમેરિકાની સાથે જ તેના મુખ્ય વિરોધી રશિયાની સાથે સંબંધો બનાવી રાખવામાં પણ સક્ષમ રહ્યું છે. નવી દિલ્હીએ સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રીય હિત તેમની નીતિ માટે પ્રેરક શક્તિ રહેશે. પરંતુ ટ્રમ્પના રાજમાં ભારતના દૃઢ સંકલ્પની પરીક્ષા થઈ શકે છે.

**યુદ્ધમાં તબાહ થયેલ ગાઝા પટ્ટીનું પુનઃનિર્માણ કરતા પહેલા ત્યાં રહેતા યુદ્ધગ્રસ્ત લોકોને અન્યત્ર ખસેડવાની કાર્યવાહી કરવામાં આવે તેની સામે મધ્ય પૂર્વના દેશોમાં વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. ખાસ કરીને સંયુક્ત આરબ અમીરાત સહિતના દેશો આ યોજનાની વિરુદ્ધમાં છે.**

## શબ્દ સંજોગ-૧૯૪૮



**આડી ચાવી :**
(૧) સિંહ જેવો બહાદુર પુરુષ (૪)
(૪) એક તંતુવાદ્ય (૩)
(૬) હકનું લવાજમ, દસ્તૂરી (૪)
(૮) દાણાદાર લોટ (૨)
(૧૦) શોધવું તે, તપાસ (૨)
(૧૩) ધોળાશ પડતું (૩)
(૧૫) વિમાન ચાલક (૪)
(૧૭) એક ખાવાની વાની (૩)
(૧૮) ચાર તોલા જેટલું માપ (૨)
(૧૯) તતડવું તે (૪)
(૨૧) ગડગૂમડ ઉપર ચોપડવાનું ઔષધ (૩)
(૨૪) એક વિદેશી દારૂ (૨)
(૨૫) હાજર કરેલું (૨)
(૨૬) ધાતુનો નકકર સળિયો (૨)
(૨૮) કદાચ, કદાપિ (૨)
(૩૦) બાતલ કરેલું (૨)
(૩૨) ધરવ, સંતોષ (આ-અ) (૩)
(૩૩) વસંતઋતુનો પાક (૨)
(૩૪) રમણીય (૨)

**ઉભી ચાવી :**
(૧) જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
(૨) પશુઓનો રાજા (૨)
(૩) દાવો, અધિકાર (૨)
(૪) શિરડીમાં બિરાજમાન શ્રી...રામ (૨)
(૫) ચાલો સિંહ દર્શન કરવા (૨)
(૭) તદ્દન, બિલકુલ (૨)
(૯) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૧૧) ધરાવાપણું, સંતોષ (૪)
(૧૨) હાથ, મદદ (૨)
(૧૪) મળતર, પ્રાપ્તિ (૪)
(૧૫) એક ભારતીય મહિલા પર્વતારોહક બચેન્દ્રી..... (૨)
(૧૬) સ્થાનિક (૩)
(૧૮) પાસ, અસર (૨)
(૨૦) કોલસામાંથી મળતો એક કાળો પદાર્થ (૩)
(૨૧) ૧-મે .....દિન તરીકે ઉજવાય છે (૩)
(૨૨) એક કઠોળ (૨)
(૨૩) પ્યાલો, જામ (૩)
(૨૭) એક ધાન્ય (૨)
(૨૯) એક ઝાડ (૨)
(૩૧) ભાવ, કિંમત (૨)

## શબ્દ સંજોગ-૧૯૪૭ જવાબ

**આડી ચાવી:** (૧) લક્ષદ્વિપ (૪) સંકલન (૭) વામા (૮) તંગ (૯) તાગ (૧૨) હવે (૧૩) સ્વાદ (૧૪) નાક (૧૭) થોર (૧૯) વાવટો (૨૦) હદ (૨૨) મૂરત (૨૩) દરરોજ (૨૫) રાવટી (૨૭) કાન (૨૮) કોલાહલ (૩૦) બોર (૩૧) વૃષભ (૩૨) યત્ન.
**ઉભી ચાવી :** (૧) લવાદ (૨) ક્ષમા (૩) પતંગ (૫) કફ (૬) નર (૯) તાવેથો (૧૦) બાદ (૧૧) બનાવ (૧૫) કટોકટી (૧૬) બૃહદ (૧૮) રમૂજ (૨૧) દરકાર (૨૪) રોન (૨૫) રાહ (૨૬) વલય (૨૮) કોષ (૨૯) લાભ.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૦૫ |
| ઘઉં લોકવન | ૫૯૨ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૧ |
| જુવાર સફેદ | ૮૩૦ | ૧૦૧૭ |
| જુવાર લાલ | ૧૦૬૦ | ૧૧૫૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૦૦ |
| બાજરી | ૪૦૦ | ૪૯૦ |
| તુવેર | ૧૨૭૫ | ૧૫૩૧ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૫૧ |
| ચણા દેશી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૦૧ |
| મગ | ૧૧૫૦ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૮૨૦ | ૧૧૪૦ |
| મઠ | ૪૦૦ | ૯૦૦ |
| કળથી | ૭૫૦ | ૮૭૫ |
| મગફળી જાડી | ૯૪૦ | ૧૧૧૭ |
| મગફળી જીણી | ૯૬૦ | ૧૨૦૦ |
| અળશી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તલી | ૧૮૦૦ | ૧૯૭૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૪૬ |
| અજમો | ૧૨૨૫ | ૨૦૦૦ |
| સુવા | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૭૭૫ | ૮૦૧ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૫૦૦ | ૫૪૦૦ |
| લસણ | ૧૦૧૦ | ૧૭૫૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૫૪૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૩૦૦ |
| ધાણી | ૧૩૧૦ | ૨૧૨૨ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૩૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૭૩૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૪૮ |
| મેથી | ૮૫૦ | ૯૫૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૧૧ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૬૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી સુકી | ૧૩૫ | ૪૪૦ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૪૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૯૫૦ | ૧૨૩૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૨૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૧૧૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૫૦ | ૩૦૦ |
| વટાણા | ૩૩૦ | ૪૬૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૭૦ | ૨૬૦ |
| મેથી | ૧૫૦ | ૩૦૦ |
| વાલ | ૫૫૦ | ૮૩૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૫૦ |
| આદુ | ૬૦૦ | ૭૬૦ |
| ચણા લીલા | ૧૩૦ | ૨૮૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૩૫૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૯૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૫ | ૧૦૯૯ |
| શિંગ મોટી | ૮૧૫ | ૧૧૨૫ |
| શિંગ ફાડા | ૧૦૧૦ | ૧૩૦૬ |
| તલ સફેદ | ૧૩૬૫ | ૨૩૮૬ |
| તલ કાશ્મીરી | ૨૫૭૦ | ૨૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૭૦૨ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૬૫૫ |
| અડદ | ૧૨૦૬ | ૧૩૪૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૪૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૪૩ |
| કપાસ | ૯૬૬ | ૧૪૭૫ |
| એરંડા | ૧૧૮૪ | ૧૨૧૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૩૪૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૭૯૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૬ |
| મરચા લાંબા | ૪૨૦ | ૩૩૧૦ |
| ચણાદેશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| રાયડો | ૭૧૫ | ૯૬૭ |
| અજમા | ૭૨૫ | ૨૦૯૦ |
| ચણાદેશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૩૦ | ૨૯૦ |
| રીંગણાં | ૩૯૦ | ૫૦૦ |
| ફુલાવર | ૭૦ | ૧૧૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| શકકરીયા | ૩૧૦ | ૪૨૦ |
| ટામેટા | ૯૦ | ૧૧૦ |
| સુરણ | ૯૧૦ | ૧૦૨૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૨૧૦ | ૩૦૦ |
| કારેલા | ૫૧૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૧૦ | ૧૬૦ |
| કાકડી | ૨૯૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૧૨૦ | ૨૩૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૩૦ | ૮૨૦ |
| આમળા | ૮૨૦ | ૯૩૦ |
| ભીંડો | ૫૨૦ | ૭૩૦ |
| તુવેર | ૬૧૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૨૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૧૧૦ | ૧૬૦ |
| ફુદીનો | ૫૨૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૫૧૦ | ૬૨૦ |
| બીટ | ૧૬૦ | ૨૫૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૫૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૪૨૦ |
| મરચા લીલા | ૪૨૦ | ૬૩૦ |
| મરચા લાલ | ૬૧૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૨૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૪૨૦ |
| લસણ લીલુ | ૬૨૦ | ૭૨૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૮૧૦ |
| વાલ | ૪૨૦ | ૫૧૦ |
| પાલક | ૨૧૦ | ૩૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૬૧ |
| ઘઉં લોકવન | ૫૭૬ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૧૬ |
| મગફળી જીણી | ૭૩૧ | ૧૧૦૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૮૫૧ | ૧૨૬૧ |
| તલ લાલ | ૨૫૦૧ | ૨૫૦૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૩૭૪૧ |
| વરીયાળી | ૭૬૧ | ૧૨૨૧ |
| ધાણા | ૭૦૦ | ૧૬૭૧ |
| લસણ સુકું | ૫૫૧ | ૧૫૦૧ |
| અડદ | ૧૧૬૧ | ૧૬૩૧ |
| મઠ | ૯૩૧ | ૯૩૧ |
| તુવેર | ૧૧૩૧ | ૧૫૫૧ |
| રાય | ૧૧૭૧ | ૧૧૭૧ |
| કાંગ | ૫૨૧ | ૮૮૧ |
| મરચા | ૫૫૧ | ૩૩૫૧ |
| ગુવાર બી | ૫૭૧ | ૯૫૧ |
| મગફળી જાડી | ૬૫૧ | ૧૧૪૬ |
| નવા ધાણા | ૧૦૦૦ | ૧૯૫૧ |
| નવી ધાણી | ૧૦૦૦ | ૩૮૫૧ |
| નવું જીરૂ | ૩૫૭૧ | ૪૪૯૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૭૫૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૩૭૧ |
| ધાણી | ૮૦૦ | ૧૬૪૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૬૬ |
| બાજરો | ૪૯૧ | ૫૯૧ |
| જુવાર | ૯૨૧ | ૧૦૦૧ |
| મકાઇ | ૪૯૧ | ૪૯૧ |
| મગ | ૧૨૧૧ | ૧૭૧૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૬૬ |
| વાલ | ૬૯૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૨૨૪૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૩૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૫ | ૧૫૦૫ |
| કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| મગફળી જીરૂ | ૧૦૪૫ | ૧૦૭૫ |
| મગફળી બીટી | ૧૦૦૫ | ૧૦૫૫ |
| જીરૂ | ૩૫૪૦ | ૩૭૦૦ |
| તુવેર | ૧૨૨૫ | ૧૪૧૫ |
| ઘઉં | ૫૦૬ | ૬૬૪ |
| ચણા | ૧૦૭૫ | ૧૧૮૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૭૭ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૧૯ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| ધાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| શીંગદાણા | ૮૦૦ | ૧૦૩૦ |
| મગફળી | ૭૦૧ | ૯૬૧ |
| તુવેર | ૧૨૫૫ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૬૦૦૦ | ૧૯૫૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૩૦ | ૧૪૨૬ |
| મગફળી | ૮૪૫ | ૯૬૫ |
| ઘઉં | ૫૨૫ | ૫૫૫ |
| અડદ | ૯૦૦ | ૧૧૦૫ |
| સોયાબીન | ૫૨૫ | ૭૨૦ |
| ધાણી | ૧૭૦૦ | ૧૭૦૦ |
| લાલ તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| સફેદ તુવેર | ૧૧૦૦ | ૧૪૫૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૬૦ | ૧૪૭૫ |
| સોયાબીન | ૭૫૫ | ૭૫૫ |
| તુવેર | ૧૧૨૧ | ૧૧૨૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૧૬ |
| મગફળી | ૬૫૧ | ૧૦૨૧ |
| શીંગફાડા | ૮૦૦ | ૧૦૪૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૩૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૧૬ |
| સોયાબીન | ૬૦૧ | ૭૯૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૭૦ | ૧૦૬૫ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૭૩૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૫૯૨ | ૪૮૫૧ |
| ઘઉ લોકવન | ૬૦૦ | ૭૧૧ |
| ઘઉં ટુકડા | ૬૨૦ | ૭૨૨ |
| બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| જુવાર | ૮૦૦ | ૯૫૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૯૨ |
| તુવેર લાલ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૨૪૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૦૨૮ | ૧૪૬૩ |
| કપાસ સી ગ્રેડ | ૭૭૫ | ૧૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ | ૧૦૦૦ | ૧૦૯૦ |
| મગફળી ૩૨નં | ૯૫૬ | ૧૦૬૩ |
| બાજરી હાઈ. | ૫૦૦ | ૬૩૦ |
| ઘઉં | ૫૧૧ | ૬૫૬ |
| રાય | ૯૭૫ | ૧૧૭૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| જુવાર | ૫૫૦ | ૯૯૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૭ |
| જા.તલ | ૨૨૦૦ | ૨૭૫૮ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૪ |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૬૦ |
| કાંગ | ૫૫૫ | ૭૨૪ |
| રાયડો | ૯૫૦ | ૧૦૧૪ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૩૯ |
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૦૫૮ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૦૭૩ |
| જુવાર | ૪૯૮ | ૯૬૧ |
| બાજરી | ૪૧૧ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૩૫૨ | ૭૧૦ |
| અડદ | ૮૧૦ | ૧૪૫૦ |
| મગ | ૧૭૮૦ | ૧૮૯૦ |
| સોયાબીન | ૭૦૧ | ૭૯૭ |
| ચણા | ૯૯૨ | ૧૧૬૨ |
| તલ સફેદ | ૧૯૪૬ | ૨૨૫૧ |
| તલ પુરબીયા | ૨૧૦૧ | ૨૬૭૧ |
| તુવેર | ૮૨૧ | ૧૪૬૬ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૪૧ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૩૩૨ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૪૧૮ |
| નાળીયેર | ૬૨૧ | ૨૯૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૫ |
| જુવાર | ૫૦૦ | ૮૨૫ |
| બાજરો | ૩૪૦ | ૫૪૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૬૫ |
| મગ | ૬૭૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૪૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૬૪ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૨૫ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૭૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૧૬ |
| તલ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| રાયડો | ૯૫૫ | ૧૦૪૨ |
| લસણ | ૭૫૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૭૨૫ |
| અજમો | ૨૧૦૦ | ૬૦૦૦ |
| ધાણા | ૭૯૦ | ૧૪૪૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૯૫ |
| મરચા સુકા | ૫૧૦ | ૩૨૧૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૨૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# આરોપીને માર મારવાના કેસમાં વડીયાના તત્કાલીન પીએસઆઈ આહિર નિર્દોષ જાહેર

**ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોથી નિર્દોષ છુટકારો થતાં પોલીસ બેડામાં રાહતની લાગણી**

અમરેલી, તા.૧૦

વડીયા તાલુકામાં પી.એસ.આઈ. તરીકે નોકરી કરતા બી.એમ.આહિર સામે આરોપીએ માર માર્યાની ફરિયાદ વર્ષ-૨૦૦૨માં કરી હોય જેમાં પી.એસ.આઈ. આહિરનો નિર્દોષ છુટકારો થતાં પોલીસ બેડામાં રાહતની લાગણી ફેલાઈ છે. ફરિયાદી ધર્મરાજભાઈ વાળાએ ધરપકડ સમયે પી.એસ.આઈ. આહિર અને તત્કાલીન ડી.એસ.પી. મનોજ સશીધરને માર માર્યાની ફરિયાદ કોર્ટમાં કરી હતી. આ બાબતનાં મેડિકલ રીપોર્ટ અને પુરાવાઓ રજૂ કર્યા હતા. જેને ધ્યાનમાં લઈ વડીયા મેજીસ્ટ્રેટે પી.એસ.આઈ. આહિરને સજા તથા દંડનો હુકમ કર્યો હતો. જેની સામે પી.એસ.આઈ. આહિરે અપીલ દાખલ કરી હતી તેમજ વકીલ તરીકે ઉદયનભાઈ ત્રિવેદીએ



**ચૂકાદાથી પોલીસ સામે ફરિયાદ કરતાં રીઢા ગુનેગારોમાં ફફડાટ**

રીઢા ગુનેગારો પોલીસ સામે બદલાની ભાવનાથી ફરિયાદો કરતાં હોય છે તેવી ધારદાર દલીલો કરી હતી. કોર્ટે તેમની દલીલોને માન્ય રાખી પી.એસ.આઈ. આહિરને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# રાજ્યના કૃષિલક્ષી પ્રોજેક્ટ્સ માટે રૂા. ૩,૯૦૦ કરોડની સહાય મંજૂર : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર,તા.૧૦

કૃષિ ક્ષેત્રની સમૃદ્ધિ એ હરહંમેશથી ભારત અને ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે. દેશના ખેડૂતોને સ્વનિર્ભર બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૦માં ફાર્મ-ગેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ. ૧ લાખ કરોડ સાથે "એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ" યોજનાની



જાહેરાત કરી હતી, જે વર્ષ ૨૦૩૩ સુધી અમલમાં રહેશે. આ યોજના હેઠળ કૃષિ આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવામાં આવે છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે એઆઈએફ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાતના ૩,૫૦૦ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૩,૯૦૦ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સમાં ૬૪૩ સોર્ટીંગ અને ગ્રેડિંગ યુનિટ, ૫૮૫ વેરહાઉસ, ૫૫૫ કસ્ટમ હાયરીંગ સેન્ટર, ૫૪૦ પ્રાયમરી પ્રોસેસિંગ યુનિટ તેમજ ૨૩૬ જેટલા કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઈનના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. એટલું જ નહિ, એઆઈએફ યોજના હેઠળ મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટ્સ થકી કૃષિ ક્ષેત્રે ગ્રામીણ રોજગારીની તકોમાં અનેકગણો વધારો થયો છે.

# ધોરાજીના ઉમરકોટ ગામે પોલીસે જુગાર રમતા છ ઈસમોને પકડ્યા

ધોરાજી,તા.૧૦

ધોરાજી તાલુકા પોલીસ મથકની ટીમે ઉમરકોટ ગામે જુગાર રમી રહેલા છ શખ્સોને ઝડપીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ધોરાજીના પો.ઈન્સ. એલ. આર.ગોહિલ તથા સર્વેલન્સ સ્ટાફને ઉમરકોટ ગામે રહેણાક મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજીપતા વડે તીનપતીનો જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. આથી ટીમે દરોડો પાડીને આરોપીઓ રાજેશનાથ શાંતિલાલ, મુકેશનાથ મેરૂનાથ, કેશુનાથ મેરૂનાથ, સુરેશનાથ કેશુનાથ, રામનાથ ચકુનાથ, ભીખુનાથ ચતુરનાથને રૂ. ૧૨ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ કેસની કાર્યવાહીમાં ધોરાજી તાલુકા પોલીસ મથકના મનીષભાઈ વરૂ, વિજયસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ પઢીયાર, જગદીશભાઈ સુવાણ, ઈશીતભાઈ માણાવદરીયા સહિતના પોલીસ સ્ટાફે કામગીરી હાથ ધરી હતી.

# અમરેલી નગરપાલિકા વોર્ડ-૫માં ભાજપ ઉમેદવાર કોમલ રામાણીના સમર્થનમાં સભા યોજાઈ

અમરેલી,તા.૧૦

અમરેલી નગરપાલિકાના વોર્ડ નંબર-૫ની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કોમલબેન રામાણીના સમર્થનમાં શહેર ભાજપ દ્વારા ચક્કરગઢ રોડ સ્થિત અમૃતધારા સોસાયટીમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં અમૃતધારા સોસાયટી વિભાગ ૧ થી ૫, શુભલક્ષ્મી નગર અને આસપાસની સોસાયટીના રહીશોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનોએ કોમલબેન રામાણીને મોટી બહુમતીથી વિજયી બનાવવા માટે મતદારોને અપીલ કરી હતી. સભામાં જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ મહામંત્રી રાજુભાઈ માંગરોળીયા, જિલ્લા યુવા



ભાજપના મહામંત્રી મૌલિકભાઈ ઉપાધ્યાય, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અલકાબેન ગોંડલીયા અને નગરપાલિકાના દંડક દિલીપભાઈ વાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડ નંબર-૫ના સભ્યો હરિભાઈ કાબરીયા અને દિવ્યેશભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર ધર્મેશભાઈ વિસાવળીયા તેમજ મુકેશભાઈ ધાનાણી, કેશુભાઈ જોગાણી, સંજયભાઈ રામાણી અને પંકજભાઈ માતરીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિક રહીશો હાજર રહ્યા હતા.

# ઉના અને ગીરગઢડા પોલીસ સ્ટેશનના ૧૭૦ કર્મચારીઓની આરોગ્ય તપાસ



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના, તા.૧૦

ઉના, નવાબંદર અને ગીરગઢડા પોલીસ કર્મચારીઓની ઉના સરકારી હોસ્પિટલમાં આરોગ્યને લગતી મેડિકલ તપાસણી કરવામાં આવી હતી. આ કેમ્પમાં કુલ ૧૭૦ અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા. કેમ્પમાં અલગ અલગ વિભાગના નિષ્ણાંત ડોકટરો દ્વારા પોલીસના બ્લડ, સુગર, ઈ.સી.જી, કોલેસ્ટ્રોલ, દાંત, આંખ, કાન, નાક, બ્લડ પ્રેશરના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

# ગીર સોમનાથ જિલ્લાની શિક્ષક ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કોડીનાર-૧નો વિજય

ગીર સોમનાથ,તા.૧૦

ગીર સોમનાથ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કોડીનાર તાલુકાના વડનગર ગામે આહીર સમાજની વાડીમાં આયોજિત જિલ્લા કક્ષાની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કોડીનાર-૧ની ટીમ રોમાંચક ફાઈનલ મેચમાં કોડીનાર-૨ને સુપર ઓવરમાં હરાવીને વિજેતા બની હતી. પ્રાથમિક શિક્ષક સંઘ ગુજરાત દ્વારા આયોજિત ચાણક્ય ટૂર્નામેન્ટ અંતર્ગત યોજાયેલી આ સ્પર્ધામાં જિલ્લાની આઠ ટીમોએ ભાગ લીધો હતો. વેરાવળ, તાલાળા, સુત્રાપાડા, ગીર ગઢડા, ઉના-૧, ઉના-૨, કોડીનાર-૧ અને કોડીનાર-૨ની ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.



તસવીર :ધર્મેશ પાઠક

આ ટૂર્નામેન્ટ જિલ્લા કક્ષાની ટીમના સિલેક્શનના ભાગરૂપે પણ યોજવામાં આવી હતી. ફાઈનલ મેચમાં ગીર સોમનાથ જિલ્લા સંઘના પ્રમુખ અનિલભાઈ પંપાણીયા, મહામંત્રી કિરીટસિંહ ઝાલા, સુત્રાપાડાના ઈન્ચાર્જ ટીપીઓ અમરસિંહભાઈ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આયોજકોએ ટૂર્નામેન્ટના સફળ આયોજન માટે વડનગર પ્રાથમિક શાળાના આચાર્યો ભરતભાઈ બારડ અને સિંહલભાઈ ડોડીયા તેમજ આહીર સમાજની વાડીના પ્રમુખ લક્ષ્મણભાઈ અને રામસિંગભાઈ ગાધેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદમાં ભારત વિકાસ પરિષદના સુવર્ણ જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી

અમદાવાદ,તા.૧૦

ભારત વિકાસ પરિષદની ગુજરાત શાખાની ૫૦ વર્ષની યાત્રાને ચિહ્નિત કરતો સુવર્ણ જયંતી મહોત્સવ અમદાવાદમાં યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય ડૉ. મનમોહન વૈદ્ય વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રાજ્યભરમાંથી ૩,૦૦૦થી વધુ સદસ્યોએ હાજરી આપી હતી, જેમાં





કેટલાક સભ્યોએ ૨૦૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત શીતલબેન મકવાણા દ્વારા "દશાવતાર"ની ભરતનાટ્યમ પ્રસ્તુતિથી થઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રહિત પ્રથમની ભાવના પ્રબળ બની છે. કાર્યક્રમમાં સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર સાત મહાનુભાવોનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડૉ. મનમોહન વૈદ્યે ભારતીય સંસ્કૃતિ અને વિચારધારાની વિશેષતાઓ વિશે પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમ સ્થળે ગુજરાતની વિવિધ શાખાઓના સેવા અને સંસ્કારલક્ષી કાર્યોની ઝલક દર્શાવતી પ્રદર્શની તેમજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ભરતભાઈ ઠક્કરે આભારવિધિ કરી હતી.

**જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૨ કરોડના ખર્ચે સ્થપાશે સરદાર સાહેબની પ્રતિમા**

# સુરતમાં સ્થપાશે સરદાર પટેલની ભવ્ય પ્રતિમા, પંચધાતુની ૩૧ ફૂટ ઊંચી મૂર્તિનું થયું ભવ્ય સ્વાગત

સુરત,તા.૧૦

સુરત શહેરમાં વરાછા-કામરેજ રોડ સ્થિત મણીબેન પટેલ ચોક ખાતે નિર્માણાધીન જમનાબા વિદ્યાર્થી ભવનના પટાંગણમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૩૧ ફૂટ ઊંચી પંચધાતુની પ્રતિમાનું સ્થાપન થશે. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા આ પ્રતિમાનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું, જેમાં ૧૫૧ બહેનોએ કળશ સાથે સામૈયામાં ભાગ લીધો હતો. રાજકોટના દ્રષ્ટિ આર્ટઝોનમાં ૩૬૦ દિવસના સમયગાળામાં તૈયાર થયેલી આ પ્રતિમા ૮ ટન વજન ધરાવે છે, જેમાં ૮૦ ટકા તાંબુ અને ૨૦ ટકા અન્ય ધાતુઓનો સમાવેશ થાય છે. પી.પી. સવાણી ગ્રુપના વલ્લભભાઈ પી. સવાણી પરિવાર તરફથી આ પ્રતિમા માટે અંદાજે ૨ કરોડનું દાન આપવામાં આવ્યું છે. સુરતના



મેયર દક્ષેશભાઈ માવાણી અને વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન પૂજ્ય દેવ પ્રકાશ સ્વામીની ઉપસ્થિતિમાં પ્રતિમા આવકાર યાત્રાનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાના જણાવ્યા મુજબ, આ પ્રતિમા સુરતની શાન બનશે અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બનશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પટેલ સમાજની યુવા ટીમે કર્યું હતું અને રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

**ઝોન કક્ષાની અંડર -૧૭ વુશુ સ્પર્ધામાં ગૌરવ વધાર્યું**

# કોડીનારની વિદ્યાર્થિનીએ વુશુ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

**શાળા પરિવાર અને પરિવારજનોએ અભિનંદન પાઠવ્યાં**

કોડીનાર,તા.૧૦

વેરાવળમાં કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની મોરી શ્રીબેન કિરીટભાઈએ ઝોન કક્ષાની અંડર-૧૭ વુશુ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેમાં વિદ્યાર્થિનીએ ૬૦ કિલો વજન કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવીને શાળા પરિવાર અને કોડીનાર તાલુકાનું ગૌરવ વધાર્યું છે.





**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ. નં.૧૬ / ૨૦૨૫ તા. /૦૧/૨૦૨૫

શ્રી બાબુભાઈ રામજીભાઈ સેજુ
રહે. શોભાવડલા(લશ્કર), તા. વિસાવદર
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - શોભાવડલા(લશ્કર), વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી બાબુભાઈ રામજીભાઈ સેજુ રહે. શોભાવડલા(લશ્કર), તા. વિસાવદરએ તેમના પિતા શ્રી રામજીભાઈ ડોસાભાઈ સેજુનુ મરણ તા. ૧૪/૦૭/૨૦૦૪ ના રોજ વિસાવદર તાલુકાના શોભાવડલા(લશ્કર), ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- શોભાવડલા(લશ્કર), વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- શોભાવડલા(લશ્કર), વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ.... મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

| | |
|---|---|
| **તૈયાર કરનાર** | **હુકમથી** |
| **સહી.** | **સહી.** |
| **(પી.વી. શિંગડીયા)** | **(એન.બી. લાંઘણોજા)** |
| **નાયબ મામલતદાર** | **એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ** |
| **વિસાવદર** | **વિસાવદર** |

# સાવરકુંડલા શહેરમાં આવેલ ભાડાની પોસ્ટ ઓફિસ જર્જરીત હાલતમાં

**પોસ્ટમેનની ખાલી જગ્યાઓ ભરવા રજૂઆત**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા શહેરમાં આવેલી પોસ્ટ ઓફિસ જર્જરીત હાલતમાં હોય કોઈ દુર્ઘટના બને તે પહેલા નવીનીકરણ કરવા શહેરીજનોમાંથી માંગ ઉઠી છે. હાલમાં પોસ્ટ ઓફિસ ભાડાનાં



મકાનમાં આવેલી છે. જેમાં ઠેર-ઠેર ગાબડાં પડી ગયા છે. ઉપરાંત પાર્કિંગ માટેની પણ કોઈ વિશેષ સુવિધા નથી. ભાડાના મકાનમાં પોસ્ટઓફિસ હોવાથી સરકારી રાહે રીપેરીંગ પણ થઈ શકતી ન હોય, સરકારી મિલકતમાં સ્વતંત્ર પોસ્ટ ઓફિસ બને તો શહેરીજનોને વધુ સુવિધા મળી શકે તેમ છે. હાલ તો જયાં સુધી નવી ઈમારત ન બને ત્યાં સુધી ભાડાની ઈમારતનો જીર્ણોધ્ધાર કરવામાં આવે તેવી પણ લોકોમાંથી માંગ ઉઠી છે. ઉપરાંત પોસ્ટ ઓફિસમાં ૧૨ ટપાલીઓની જગ્યા સામે ૭ જ જગ્યા ભરેલી હોય તાત્કાલિક ખાલી જગ્યા ભરવા ધારાસભ્ય અને સંસદસભ્યને રજૂઆત કરાઈ છે.

**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**નં.જન્મ નોંધણી/અરજી નં.૨૯૬/૨૦૨૪** **તા.૧૦/૦૨/૨૦૨૫**

**અરજદારશ્રી** :- ૧. શાંતુબેન વાઈફ/ઓફ જેસીંગભાઈ ડાભી
રહે. ખોડીયાર નગર, શ્રમજીવીનગર, સ્મશાન પાછળ,
તા.સાવરકુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ**- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે
જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ડાભી વિનુભાઈ જેસીંગભાઈનો જન્મ તા.૦૫/૦૨/૧૯૮૪ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ. જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોંગદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા(જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

# વડાપ્રધાન મોદીની ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતથી બંને દેશો સાથે સંબંધો વધુ મજબુત થશે

નવીદિલ્હી,તા.૧૦



પેરિસની મુલાકાતે જતા પહેલા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સ અને અમેરિકા સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ફ્રાન્સ જતા પહેલા પોતાના નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું, “રાષ્ટ્રપતિ મેક્રોનના આમંત્રણ પર હું ૧૦-૧૨ ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સની મુલાકાત લઈશ. હું પેરિસમાં એઆઈ એક્શન સમિટના સહ-અધ્યક્ષપદ માટે આતુર છું, જે વિશ્વ નેતાઓ અને વૈશ્વિક ટેક સીઈઓનો મેળાવડો છે, જ્યાં આપણે સમાવિષ્ટ, સુરક્ષિત અને વિશ્વસનીય રીતે નવીનતા અને વ્યાપક જાહેર હિત માટે એઆઈ ટેકનોલોજી માટે સહયોગી અભિગમો પર વિચારોનું આદાન-પ્રદાન કરીશું. પીએમ મોદીએ કહ્યું કે મારી મુલાકાતનો દ્વિપક્ષીય ભાગ મારા મિત્ર રાષ્ટ્રપતિ મેક્રોન સાથે ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી માટે હોરાઈઝન ૨૦૪૭ રોડમેપ પર પ્રગતિની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે. અમે ફ્રાન્સમાં પ્રથમ ભારતીય કોન્સ્યુલેટનું ઉદ્‌ઘાટન કરવા માટે ઐતિહાસિક ફ્રેન્ચ શહેર માર્સેલીની પણ મુલાકાત લઈશું અને વૈશ્વિક હિત માટે ઊર્જાનો ઉપયોગ કરવા માટે આંતરરાષ્ટ્રીય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રિએક્ટર પ્રોજેક્ટની પણ મુલાકાત લઈશું, જેમાં ભારત ફ્રાન્સ સહિત ભાગ લેનારા દેશોના કન્સોર્ટિયમનો સભ્ય છે.

# ભારત હંમેશા શાંતિ અને સ્થિરતાનું સમર્થક રહ્યું છે : રક્ષા મંત્રી રાજનાથ સિંહ

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૧૦



એરો ઈન્ડિયા ૨૦૨૫ ની ૧૫મી આવૃત્તિ બેંગલુરુના યેલહાંકા એરફોર્સ સ્ટેશન ખાતે ચાલી રહી છે. જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ સંબોધન કર્યું છે. આ દરમિયાન રાજનાથ સિંહે વૈશ્વિક અનિશ્ચિતતાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે એક મોટા દેશ તરીકે, ભારત હંમેશા શાંતિ અને સ્થિરતાનું સમર્થક રહ્યું છે. એરો ઈન્ડિયા ૨૦૨૫ના ઉદ્‌ઘાટન કર્યા પછી બોલતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આજની અનિશ્ચિતતાઓ અને આજના સંદર્ભમાં ઉભરી રહેલા નવા પડકારોનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, શાંતિનો વડવૃક્ષ ફક્ત શક્તિના મૂળ પર જ ટકી શકે છે. મારું માનવું છે કે આપણે બધાએ સાથે મળીને મજબૂત બનવું પડશે, તો જ આપણે શાંતિ સુનિશ્ચિત કરી શકીશું. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતાના આ વાતાવરણમાં, ભારત એક મોટો દેશ છે, જ્યાં શાંતિ અને સમૃદ્ધિ છે. એરો ઈન્ડિયા ૨૦૨૫ માં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે સંરક્ષણ ક્ષેત્રની એક વિશેષતા એ છે કે સંરક્ષણ ઔદ્યોગિક પ્રણાલીના ઉત્પાદનો સરકાર દ્વારા ઓર્ડર કરવામાં આવે છે અને સરકાર દ્વારા ઉપયોગમાં લેવાય છે.

# દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આપનાં ૧૫ ઉમેદવારો શિંદે જુથમાંથી ચૂંટણી લડવા તૈયાર હોવાનો દાવો

મુંબઈ, તા.૧૦



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને શિવસેનાના વડા એકનાથ શિંદેએ દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને મોટો દાવો કર્યો છે. એકનાથ શિંદેએ કહ્યું કે આમ આદમી પાર્ટીના ૧૫ ઉમેદવારોએ દિલ્હી વિધાનસભા ચૂંટણી લડવા માટે તેમની પાર્ટીનું ચૂંટણી ચિહ્ન માંગ્યું હતું, પરંતુ તેમણે ‘યુતિ ધર્મ’ને કારણે ના પાડી દીધી. શિંદેએ કહ્યું, ‘આમ આદમી પાર્ટીના કુલ ૧૫ ઉમેદવારોએ મારો સંપર્ક કર્યો હતો. મને લાગ્યું કે જો તેમને ‘ધનુષ્ય અને તીર’ ચૂંટણી ચિહ્ન મળે, તો મત ભાજપ અને શિવસેના વચ્ચે વહેંચાઈ જશે, જેનો ફાયદો અન્ય પક્ષોને થશે. એટલા માટે મેં ના પાડી. તેમણે યુતિ ધર્મ (ગઠબંધન પ્રત્યેની પ્રતિબદ્ધતા)નું સન્માન કરવું પડશે.

# દિલ્હી હાર બાદ પંજાબનાં ધારાસભ્યો સાથે આજે કેજરીવાલની મિટિંગ

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૧૦



દિલ્હી ચૂંટણીમાં કારમી હાર બાદ પંજાબ આમ આદમી પાર્ટીમાં હલચલ વધુ તીવ્ર બની છે. પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનરે મંગળવારે રાજ્યના તમામ ધારાસભ્યોને દિલ્હીમાં બેઠક માટે બોલાવ્યા છે. આ કારણે આજે યોજાનારી પંજાબ સરકારની કેબિનેટ બેઠક મુલતવી રાખવામાં આવી છે. હવે આ બેઠક ૧૩ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યે ચંદીગઢમાં યોજાશે.

હકીકતમાં, દિલ્હીની ચૂંટણી પછી, આમ આદમી પાર્ટીની સરકાર હવે ફક્ત પંજાબમાં જ બચી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિપક્ષી નેતા પ્રતાપ સિંહ બાજવાએ દાવો કર્યો હતો કે દિલ્હી વિધાનસભા ચૂંટણી હાર્યા બાદ આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલ હવે પંજાબ તરફ વળી શકે છે. બાજવાએ કહ્યું હતું કે ઘણા આપ ધારાસભ્યો પાર્ટી છોડવા તૈયાર છે. આવી સ્થિતિમાં, તમને આગામી દિવસોમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. આપ રાજ્યમાં મધ્યસત્ર ચૂંટણીઓ યોજવા માટે રણનીતિ પણ તૈયાર કરી શકે છે.

# પ્રયાગરાજમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્નાન કર્યું

પ્રયાગરાજ,તા.૧૦



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભમાં પહોંચ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલ આનંદીબેન પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. તેમણે ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં તેમણે કહ્યું કે પ્રયાગરાજ મહાકુંભના દિવ્ય વાતાવરણમાં તેમને મા ગંગા, યમુના અને ભૂગર્ભ પ્રવાહ સરસ્વતીના પવિત્ર સંગમ પર સ્નાન કરવાની તક મળી. હું માતા ગંગાને પ્રાર્થના કરું છું કે તે બધા પર પોતાના આશીર્વાદ વરસાવતી રહે અને બધાના જીવનમાં સુખ અને શાંતિ લાવતી રહે.

# તિરુપતિ મંદિર લાડુકાંડમાં સીબીઆઈની ટીમે ચાર આરોપીની કરી ધરપકડ

(એચ.એસ.એલ),તિરુપતિ,તા.૧૦



આંધ્રપ્રદેશના તિરુપતિ મંદિરના લાડુ વિવાદમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે ચાર લોકોની ધરપકડ કરી છે. તિરુપતિ મંદિરના લાડુમાં પ્રાણીની ચરબી હોવાનું બહાર આવ્યું. આ પછી, દેશભરમાં ભક્તોનો ગુસ્સો જોવા મળ્યો. આ કેસની તપાસ માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ના નેતૃત્વમાં એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ની રચના કરવામાં આવી હતી. આ જ ટીમે ચાર લોકોની ધરપકડ કરી છે જેઓ અલગ અલગ ડેરીઓ સાથે સંકળાયેલા છે પરંતુ મંદિરને પશુ ચરબીવાળું ઘી પૂરું પાડવામાં સામેલ છે. શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ભક્તોને પ્રસાદ તરીકે ચઢાવવામાં આવતા તિરુપતિ લાડુમાં કથિત ભેળસેળના સંબંધમાં વિશેષ તપાસ ટીમે ચાર વ્યક્તિઓની ધરપકડ કરી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ ભોલે બાબા ડેરીના ભૂતપૂર્વ ડિરેક્ટરો વિપિન જૈન અને પોમિલ જૈન, વૈષ્ણવી ડેરીના અપૂર્વ ચાવડા અને એઆર ડેરીના રાજુ રાજશેખરન તરીકે થઈ છે.

# દેશમાં વહેલામાં વહેલી તકે વસ્તી ગણતરી કરાવવા સોનિયા ગાંધીની માંગ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦



કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટી સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સોમવારે શક્ય તેટલી વહેલી તકે વસ્તી ગણતરી હાથ ધરવાની માંગ ઉઠાવી. તેમણે કહ્યું કે દેશમાં શક્ય તેટલી વહેલી તકે વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે જેથી તમામ પાત્ર વ્યક્તિઓને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગેરંટીકૃત લાભો મળી શકે. રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા તેમણે એમ પણ કહ્યું કે ખાદ્ય સુરક્ષા એ કોઈ વિશેષાધિકાર નથી પરંતુ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સરકાર દ્વારા રજૂ કરાયેલ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો એક ઐતિહાસિક પહેલ હતી. તેનો ઉદ્દેશ ૧૪૦ કરોડ વસ્તી માટે ખોરાક અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. તેમણે કહ્યું કે આ કાયદાએ લાખો સંવેદનશીલ પરિવારોને ભૂખમરાથી બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, ખાસ કરીને કોવિડ ૧૯ રોગચાળાના સંકટ દરમિયાન અને આ કાયદાએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો આધાર પણ પૂરો પાડ્યો હતો. જોકે, તેમણે કહ્યું કે, લાભાર્થીઓ માટેના ક્વોટા હજુ પણ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે નક્કી કરવામાં આવે છે, જે હવે એક દાયકા કરતાં વધુ જૂની છે.

# શેરબજારમાં મંદીનો માહોલ : સેન્સેક્સ ૫૪૮ પોઈન્ટનાં ઘટાડા સાથે બંધ

(એચ.એસ.એલ),મુંબઈ,ત.૧૦



શેરબજાર રોકાણકારોને સતત એક પછી એક આંચકા આપી રહ્યું છે. સોમવારે, સ્થાનિક શેરબજાર ફરી એકવાર મોટા ઘટાડા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ બેન્ચમાર્ક, સેન્સેક્સ ૫૪૮.૩૯ પોઈન્ટના તીવ્ર ઘટાડા સાથે ૭૭,૩૧૧.૮૦ પર બંધ થયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ નિફ્ટી ૫૦ પણ ટ્રેડિંગના અંતે ૧૭૮.૩૫ પોઈન્ટ ઘટીને ૨૩,૩૮૧.૬૦ પર બંધ થયો. શેરબજારમાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ છે. તાજેતરના સમયમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. આજના કારોબારમાં, નિફ્ટીમાં ટ્રેન્ટ, પાવર ગ્રીડ કોર્પ, ટાટા સ્ટીલ, ટાઈટન કંપની,ઓએનજીસી સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેંક, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ,એચસીએલ ટેક્નોલોજીસ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ વધ્યા હતા. આજના કારોબારમાં નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૨-૨ ટકાનો ઘટાડો થયો હતો. મેટલ, મીડિયા, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એનર્જી, રિયલ્ટીમાં ૨-૨ ટકાનો ઘટાડો થતાં તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા.

# અમેરિકામાં નવા સિક્કા નહીં બનાવવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો આદેશ

વોશિંગ્ટન, તા.૧૦



અમેરિકા હવે નવા સિક્કા છાપશે નહીં. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટને નવા સિક્કા ન બનાવવાનો નિર્દેશ આપ્યો છે. ટ્રમ્પ અમેરિકન અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સતત નક્કર પગલાં લઈ રહ્યા છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે ટ્રેઝરી વિભાગને એક સેન્ટના સિક્કાના ઉત્પાદન ખર્ચનો હવાલો આપીને નવા સિક્કા બનાવવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું, “લાંબા સમયથી, અમેરિકા બે સેન્ટથી વધુ કિંમતના સિક્કા બનાવી રહ્યું છે.”આ અર્થહીન છે. જેથી મેં ટ્રેઝરી સેક્રેટરીને નવા સિક્કા બનાવવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગે શિવ-કૃષ્ણ મંદિરની મુલાકાત લીધી

સિંગાપોર,તા.૧૦



સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગ ઉત્તર સિંગાપોરમાં માર્સિલિંગ રાઈઝ હાઉસિંગ એસ્ટેટમાં શ્રી શિવ-કૃષ્ણ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ૧૦,૦૦૦ થી વધુ ભક્તો સાથે જોડાયા હતા. મંદિરમાં આ ત્રીજો પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ છે - તે અગાઉ ૧૯૯૬ અને ૨૦૦૮માં યોજાયો હતો. મંદિર આધ્યાત્મિક પ્રવૃત્તિનું કેન્દ્રબિંદુ રહે અને સમુદાયના કેન્દ્ર તરીકે મંદિરની સ્થિતિ મજબૂત બને તે સુનિશ્ચિત કરવા માટે આ પવિત્ર વિધિ યોજવામાં આવે છે. સિંગાપોરમાં આ એકમાત્ર મંદિર છે જ્યાં મુખ્ય દેવતા શ્રી શિવ-કૃષ્ણ છે, જે શ્રી શિવ અને શ્રી કૃષ્ણ બંનેનું મિશ્રણ છે. તે બે દેવતાઓ દ્વારા દર્શાવવામાં આવેલ સર્જન, સંરક્ષણ અને વિનાશની એક અનોખી સંકલિત ખ્યાલ રજૂ કરે છે. આ સમારોહમાં પીએમ વોંગ મુખ્ય મહેમાન હતા અને તેમની સાથે સંરક્ષણ અને માનવશક્તિ રાજ્યમંત્રી ઝાકી મોહમ્મદ પણ હતા.

# બીજી વનડે દરમિયાન ફ્લડલાઈટમાં સમસ્યાની ઓડિશા સરકાર ઓસીએ પાસેથી સ્પષ્ટતા માંગશે

(એચ,એસ.એલ),કટક,તા.૧૦



કટકના ઐતિહાસિક બારાબતી સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી વનડે મેચ ફ્લડલાઈટમાં ખામીને કારણે લગભગ ૩૦ મિનિટ સુધી ખોરવાઈ ગઈ હતી. આ અંગે રમતગમત મંત્રી સૂર્યવંશી સૂરજે કહ્યું કે સરકાર ઓડિશા ક્રિકેટ એસોસિએશન પાસેથી સ્પષ્ટતા માંગશે. આ સમય દરમિયાન, સૂરજ મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝી અને અન્ય વરિષ્ઠ પ્રધાનો સાથે સ્ટેડિયમમાં હાજર હતા. તેમણે કહ્યું, ‘ફ્લડલાઈટ્‌સની સમસ્યા અંગે ઓસીએ પાસેથી સમજૂતી માંગવામાં આવશે.’ ઓસીએ દ્વારા તમામ સાવચેતી રાખવા અને વ્યાપક પૂર્વ વ્યવસ્થા કરવા છતાં આ ઘટના બની હતી.

જોકે, ઓસીએ સેક્રેટરી સંજય બેહરાએ જણાવ્યું હતું કે દરેક ફ્લડલાઈટ ટાવર બે જનરેટર સાથે જોડાયેલ છે. જ્યારે એક જનરેટર બગડી ગયું, ત્યારે અમે બીજું શરૂ કર્યું, પરંતુ ખેલાડીઓનું વાહન ટાવર અને બીજા જનરેટર વચ્ચે પાર્ક કરેલું હોવાથી જનરેટરને દૂર કરવામાં થોડો સમય લાગ્યો, બેહરાએ પત્રકારોને જણાવ્યું. દરમિયાન, સ્ટેડિયમમાં હાજર બારાબતી-કટકના કોંગ્રેસના ધારાસભ્ય સોફિયા ફિરદોસે ફ્લડલાઈટમાં ખામીની નિંદા કરી. તેમણે કહ્યું, ‘બારાબતી સ્ટેડિયમમાં જે કંઈ થયું તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. આની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.’

# લવયાપા ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત જુનૈદખાન રીક્ષામાં કરી રહ્યો છે મુસાફરી

મુંબઈ,તા.૧૦



મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘લવયાપા’ને કારણે સમાચારમાં છે. આ ફિલ્મમાં જુનૈદ સાથે નિર્માતા બોની કપૂરની નાની પુત્રી ખુશી કપૂર મુખ્ય ભૂમિકામાં છે. જુનૈદ અને ખુશી તેમની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. તાજેતરમાં જુનૈદ અને ખુશી તેમની ફિલ્મના પ્રમોશન માટે એક યુટ્યુબ ચેનલ પર દેખાયા હતા. આ દરમિયાન જુનૈદે જણાવ્યું કે તેને ઘણીવાર રિક્ષા અને બસમાં મુસાફરી કરવાનું કેમ ગમે છે. આ સાથે, તેણે એ પણ કહ્યું કે તે તેની બેગમાં શું રાખે છે, જે તે હંમેશા તેની સાથે રાખે છે. આ દરમિયાન, ફરાહ જુનૈદને પૂછે છે કે તે રિક્ષામાં કેમ મુસાફરી કરે છે? આનો જવાબ આપતા જુનૈદે કહ્યું - ‘કારણ કે તે અનુકૂળ છે.જુનૈદે એમ પણ કહ્યું કે તેના ઘરે ઘણા વાહનો છે અને તે તેમાંથી કોઈપણ ખરીદી શકે છે, પરંતુ તેને રિક્ષામાં મુસાફરી કરવાનું અનુકૂળ લાગે છે. જુનૈદ કહે છે - ‘ઘરે ઘણા વાહનો છે.’ જો જરૂર પડે તો, કોઈપણ તેને લઈ શકે છે. જવાબમાં ફરાહ કહે છે - ‘આવું જ થાય છે, આપણો અસલી હીરો મધ્યમ વર્ગ છે.’

### મામલતદાર કચેરીના મેદાનમાં જ પાર્ટી થાય છે કે કોઈ બહારથી બોટલો ફેંકી જાય છે તે ચર્ચાતો પ્રશ્ન

# લાઠી મામલતદાર ઓફિસના ગ્રાઉન્ડમાં મોટી સંખ્યામાં દારૂની ખાલી બોટલો મળી આવતાં ચકચાર

**ત્રણ શિફ્ટમાં સિક્યુરીટી હોવા છતાં આવી બેદરકારી કેમ ?**

લાઠી, તા.૧૦

લાઠીમાં નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે તાલુકા મેજિસ્ટ્રેટ સરકારી પરિસરમાં દારૂની ખાલી બોટલોના ઢગલા જોવા મળતા અનેક પ્રશ્નો ઊભા થયા છે. લાઠી મામલતદાર કચેરીના ગ્રાઉન્ડમાં ઠેર-ઠેર દારૂની ખાલી બોટલોના ઢગલા જોવા મળી રહ્યાં છે. આ દારૂની ખાલી બોટલો બહારથી કોઈ ફેંકી ગયું છે કે પછી કચેરીના મેદાનમાં દારૂની મહેફિલો જામે છે તે પણ તપાસનો વિષય છે. મહત્વની બાબત તો એ છે કે આ કચેરીમાં ત્રણ શિફ્ટમાં સિક્યુરીટી સ્ટાફ હોય છે ત્યારે આ બોટલો બાબતે



તેમનું પણ ધ્યાન નહીં ગયું હોય કે શું ? અથવા તો કોઈ વગદાર માણસો પાર્ટી કરતાં હોય સિક્યુરીટી એજન્સીએ આંખ આડા કાન કર્યા હોય. આ અંગે લાઠી મામલતદારે જણાવ્યું છે કે, જાહેર માર્ગ પરથી કોઈ અજાણ્યા માણસો પરિસરમાં બોટલો ફેંકી ગયા છે. સિક્યુરીટી એજન્સીને આ બાબતે નોટીસ આપવામાં આવશે અને તપાસ અર્થે લાઠી પોલીસને પણ જાણ કરવામાં આવશે. સરકારી કચેરી પરિસરમાં જ દારૂની બોટલો જોવા મળતા જિલ્લાના બીજા વિસ્તારોમાં તો શું પરિસ્થિતિ હશે તે પણ એક પ્રશ્ન છે.

# નડિયાદમાં દેશી દારૂ પીધા બાદ શંકાસ્પદ રીતે ૩ ના મોતથી હડકંપ

(એચ.એસ.એલ),નડિયાદ,તા.૧૦

ડ્રાય સ્ટેટ કહેવાતા ગુજરાતમાં ફરી એકવાર લઠ્ઠાકાંડની ગુંજ સંભળાઈ છે. નડિયાદમાં દેશી દારૂ પીધા બાદ શંકાસ્પદ રીતે ૩ ના મોતનો મામલો સામે આવ્યો છે. નડિયાદના જવાહરનગરમાં ત્રણ લોકોના શંકાસ્પદ મોત નિપજ્યા છે. એક સાથે ત્રણ લોકોના મોત થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ત્રણે મૃતદેહને નડિયાદ સિવિલમાં લાવવામાં આવ્યા હતા. મૃતકના પરિવારજનો પણ સિવિલ હોસ્પિટલમાં પહોચ્યા હતા. પરિવારજનોનો આરોપ છે કે દેશી દારૂ પીધા બાદ મોત થયા છે. રેલવે ફાટક પાસેની ગલીમાં જઈને દારૂ પીધો હોવાનો પરિવારજનોનો દાવો છે. મૃતકોના નામ



: યોગેશ કુશ્વાર, રવિન્દ્ર રાઠોડ, કનુભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતકો છુટક મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. એક મૃતક કલરકામ કરતો હતો, બીજો મૃતક વજનકાંટો લઈને બેસતો હતો અને ત્રીજો મૃતક પાણીપુરીનો ધંધો કરતો હતો. આ ત્રણેયના દેશી દારૂ પીધા બાદ મોત થયા છે. ઘટના બાદ નડિયાદ શહેર કોંગ્રેસની ટીમ સિવિલ હોસ્પિટલમાં પહોંચી હતી.

# કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાની વર્ચ્યુઅલ હાજરીમાં સામૂહિક દવા વિતરણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાના અધ્યક્ષસ્થાને તથા રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં "સામૂહિક દવા વિતરણ" કામગીરી કાર્યક્રમનું વર્ચ્યુઅલ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ફાઈલેરિયા રોગ નિર્મૂલનનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે તા.૧૦ ફેબ્રુઆરી



૨૦૨૫થી ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વધઈ એમ ચાર તાલુકાની અંદાજે ૫.૪૬ લાખ વસ્તીમાં સામૂહિક દવા વિતરણ કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# અમરેલી સહિત રાજ્યભરમાં આરટીઓ ઈન્સ્પેક્ટર હડતાળ પર ઉતર્યા : આરટીઓની કામગીરી ઠપ્પ

અમરેલી,તા.૧૦

અમરેલી સહિત રાજ્યભરમાં આરટીઓની કામગીરી બંધ થઈ છે. આરટીઓ ઈન્સ્પેક્ટર્સ હડતાળ પર ઉતરતા આખા રાજ્યમાં આરટીઓની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. આરટીઓ ઈન્સ્પેક્ટર પડતર માંગણીઓને લઈને એક દિવસની હડતાળ પર ઉતર્યા છે. તેઓએ એક દિવસની હડતાળના લીધે લોગ ઈન જ કર્યુ ન હતું.



તેના લીધે રાજ્યમાં આરટીઓમાં આવેલા હજારો લોકોને રીતસરનો ધરમધક્કો પડ્યો હતો. આરટીઓ ઈન્સ્પેક્ટરોએ જણાવ્યું હતું કે તેમની લાંબા સમયથી વિવિધ પડતર માંગણીઓ છે. તેઓએ આ મુદ્દે સંલગ્ન સત્તાવાળાઓને વારંવાર રજૂઆતો કરી હતી. આમ છતાં હજી સુધી તેમની માંગણીઓનો ઉકેલ આવ્યો નથી. સત્તાવાળાઓએ આ અંગે તેમને ફક્ત આશ્વાસનો જ આપ્યા છે. તેમની માંગણીઓ પૂરી કરવાની દિશામાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. કોઈપણ ઘટના બને તો આરટીઓ ઈન્સ્પેક્ટરો સામે શિસ્તભંગના તાત્કાલિક પગલા લેવાય છે, પરંતુ જયારે તેમની તકલીફની વાત આવે ત્યારે કોઈ ઊભું રહેતું નથી.

# મેચના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાને મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય

અમદાવાદ,તા.૧૦

તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાનારી આગામી એક દિવસીય ક્રિકેટ મેચને ધ્યાનમાં રાખીને જીએમઆરસીએ મેચના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાને મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ, અમદાવાદમાં (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી) મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે. મોટેરા સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨ વાગ્યાનો રહેશે. રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે.

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે ફરી એકવાર લોહિયાળ બન્યો, અકસ્માતમાં દંપતીનું મોત

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે ફરી એકવાર લોહિયાળ બન્યો છે. મોડી રાત્રે વડોદરાથી અમદાવાદ જઈ રહેલા એક દંપતીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે કારમાં મુસાફરી કરી રહેલા બે બાળકોનો આબાદ બચાવ થયો હતો. બંને બાળકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે મોકલવામાં આવ્યા છે. અકસ્માતમાં



મૃત્યુ પામેલ દંપતી અમદાવાદના શાહીબાગ વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આઈ-ડિવિઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના શાહીબાગમાં રહેતો એક પરિવાર ગઈકાલે મોડી રાત્રે કારમાં વડોદરાથી અમદાવાદ આવી રહ્યો હતો. આ દંપતી અને તેમના બે બાળકો વડોદરાથી એક્સપ્રેસ હાઈ-વે પર કારમાં આવી રહ્યા હતા. દરમિયાન, કાર વધુ ઝડપે આગળ વધી રહેલા આઈસ્ક્રીમની ટ્રક સાથે અથડાઈ હતી. જેના કારણે કારમાં બેઠેલા દંપતીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

# વડોદરામાં ભાજપના ઉમેદવારોને જિતાડશો તો મકાન તૂટવા નહીં દઉં : જિલ્લા ભાજપ પ્રમુખ

વડોદરા,તા.૧૦

વડોદરા જિલ્લાની કરજણ નગરપાલિકા સહિતની રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ૧૬ ફેબ્રુઆરીએ યોજાવાની છે. ત્યારે ભાજપ સહિતના રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. કરજણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે વોર્ડ નંબર ૭માં પ્રચાર દરમિયાન વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ સતીષ પટેલ સભા સ્થળે સ્ટેજ પરથી જ મતદારોને ધમકી આપતા હોવાનો



વીડિયો વાઈરલ થતા ચકચાર મચી છે. સતીષ પટેલે કહ્યું હતું કે, ભાજપના ચારેય ઉમેદવારોને જિતાડશો તો એકેય મકાન તૂટવા નહીં દઉં, જો દગો કર્યો તો એકેયના રાખવા પણ નહીં દઉં.

# ગુજરાત રાજ્યના પૂર્વ પોલીસ વડા કુલદીપ શર્માને ૪૧ વર્ષ જૂના કેસમાં ૩ માસની સજા

અમદાવાદ,તા.૧૦

ગુજરાત રાજ્યના પૂર્વ પોલીસ વડા કુલદીપ શર્માને ૪૧ વર્ષ જૂના કેસમાં ૩ માસની સજા સંભળાવવામાં આવી છે. વર્ષ ૧૯૮૪માં કોંગી નેતા અબ્દુલ્લા હાજી ઈબ્રાહીમને અપશબ્દો બોલી અપમાન કરી માર માર્યાનો આરોપ સાબિત થયો છે. મળતી માહિતી મુજબ કચ્છના નલિયામાં ૬ મે ૧૯૮૪એ કોંગ્રેસના નેતા અબ્દુલ્લા હાજી ઈબ્રાહીમ સુપરિટેન્ડેન્ટની ઓફિસમાં



આઈપીએસ કુલદીપ શર્માને મળવા ગયા હતા. જ્યાં શર્માએ નેતાનું અપશબ્દો બોલી અપમાન કર્યું હતું, એટલું જ નહીં સાથી અધિકારીને બોલાવીને માર માર્યો હતો. નલિયામાં અબ્દુલ્લા હાજીએ એક કેસમાં પોલીસ પૂછપરછ દરમિયાન હેરાનગતિ ન થાય તે માટે એસપીને વિનંતી કરી હતી, પરંતુ કુલદીપ શર્માએ તેમની સાથે અસભ્યતાપૂર્વક વર્તણૂક કરી હતી. જે મામલે એસપીએ અબ્દુલ્લા હાજી ઈબ્રાહીમને તમે શેઠ છો? તેમ પૂછ્યું હતુ તો તેમને પ્રત્યુત્તર આપતા કહ્યું કે, લોકો મને ઈભલા શેઠ તરીકે ઓળખે છે. અંતે બોલાચાલી થતા શેઠને માર મારતા કુલદીપ શર્મા વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધાઈ હતી.

# અમદાવાદના મેમનગરમાં નબીરાએ ૬ વાહનોને અડફેટે લીધાં, યુવકની અટકાયત

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ શહેરમાં ફરી એકવાર રફતારનો કહેર જોવા મળ્યો છે. શહેરના મેમનગર પાસે નબીરાએ બેફામ વાહન ચલાવી ૬ વાહનોને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. ચિંતન પરીખ નામના કાર ચાલક યુવાને અકસ્માત સર્જ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી છે. અમદાવાદ શહેરમાં મેમનગર વિસ્તારમાં આજે સવારે જોરદાર



અકસ્માત સર્જાયો હતો. નબીરાએ બેફામ વાહન ચલાવી એક બાદ એક ૨ રાહદારી, ૩ ટુવ્હીલ, ૩ કારને જોરદાર ટક્કર મારી હતી. જેમાં એક મહિલા અને એક્ટિવા ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા છે. અકસ્માત થતાં રસ્તા પર લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. તુરંત જ ટ્રાફિક પોલીસને અકસ્માતની જાણ કરી દેવામાં આવી હતી. ટ્રાફિક પોલીસે આરોપી યુવાન ચિંતન પરીખની અટકાયત કરી છે, આરોપી ચિંતન પરીખ મેમનગરનો જ રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે કાર માલિકનું નામ હર્ષ પરીખ હોવાનું સામે આવ્યું છે.

# સુરતમાં નબીરાઓએ કાર સાથે રેલી કરી સ્ટંટબાજી કરતા પોલીસની કાર્યવાહી, ૧૨ લક્ઝુરીયસ કાર જપ્ત

સુરત, તા.૧૦

સુરતમાં નબીરાઓએ ૩૦ જેટલી બીએમડબલ્યુ, મર્સિડિઝ, સ્કોડા જેવી લકઝરી કાર સાથે રેલી કરી સ્ટંટબાજી કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. સુરતના ઓલપાડ તાલુકાના કુંકણી ગામમાં આવેલી ફાઉન્ટન હેડ સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફેરવેલ



યોજાઈ હતી. તેમાં હાજરી આપવા આવેલા વિદ્યાર્થીઓએ આ રીતે જાહેરમાં સીનસપાટા કરી કાયદાના લીરા ઉડાવ્યા હોવાનું સામે આવ્યું હતું. કોઈ નેતા કે મંત્રીનો કાફલો પણ આવી રીતે ના નીકળે જેવી રીતે વિદ્યાર્થીઓએ રેલી કાઢી હતી. જોકે, આ મામલે સુરતની પાલ પોલીસે ૧૨ જેટલી ગાડીઓ જપ્ત કરી છે. હાથમાં કોલ્ડ ગન, કારની વિન્ડો પર બેસીને સીન સપાટા કરતા વિદ્યાર્થીઓ સામે હવે કડક કાર્યવાહી શરૂ કરાઈ છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુંકણી ગામની ફાઉન્ટન હેડ સ્કૂલમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા પહેલા ફેરવેલ રાખવામાં આવી હતી.








